દિવાળી વિશેષાંક

આપ સર્વેને ધનતેરસ, દિપાવલી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છા

# વોઈસ ઓફ ઘાટકોપર

☎ : 022-40229684

ઓફિસ : એ-૧, બેઝમેન્ટ, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. Web : www.vognewslive.com

વર્ષ : ૧૦ ● અંક : ૪૦ ● સળંગ અંક : ૪૨૪ ● મુંબઈ ● શુક્રવાર ● તા. ૦૨ નવેમ્બર – ૦૮ નવેમ્બર ૨૦૧૮ ● પાના : ૪૦ ● કિંમત રૂા.૪

## સ્તન કેન્સરનો સંપૂર્ણ ઉપચાર ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડમાં એક છત હેઠળ

ભારતનાં મહાનગરો જેવાં કે મુંબઇ, દિલ્હી, કોલકાતામાં બધાં કૅન્સરોની વચ્ચે સ્તન કૅન્સર રોગીષ્ઠ મનોવૃત્તિ અને મૃત્યુદરનું ઝડપથી નંબર એક કારણ બની રહ્યું છે જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં આ રોગ બીજા સ્થાને છે. મોટાભાગના કિસ્સાઓ ભારતીય મહિલાઓમાં 40–50ની ઉંમર વચ્ચે બનતા હોય છે. ઉચ્ચ જોખમના વર્ગમાં આવતી મહિલાઓ છે જેમના નજીકનાં સગાં (માતા, બહેન અથવા દીકરી)ને નાની ઉંમરમાં સ્તન કૅન્સર થયું હોય અથવા બીઆરસીએ 1 અને બીઆરસીએ 2 જીન મ્યુટેશન્સ ધરાવતી વ્યક્તિઓને વધુ બારીકીભર્યું અને કડક ફોલો અપ કરવાની જરૂર છે. ભારતમાં પરિબળો જેવાં કે લગ્નવિષયક સ્થિતિ, સ્થળ (શહેરી/ગ્રામીણ), બીએમઆઇ, સ્તનપાન, કમરથી નિતંબનો રેશિયો, નિમ્ન સમાનતા, સ્થૂળતા, આલ્કોહોલના સેવનનું પ્રમાણ, તમાકુ ચાવવવાની આદત, ધૂમ્રપાન, કસરતનો અભાવ, ખાનપાન, પર્યાવરણીય પરિબળો વગેરે મોટાં જોખમો હતાં જેણે કૅન્સરના વધતાં જતાં કિસ્સાઓમાં ભાગ ભજવ્યો છે. અન્ય પરિબળ પર ધ્યાન આપવાની જરૂર છે એ છે હૉર્મોન થેરેપીને ટાળવી. ભૂતકાળમાં હૉર્મોન રિપ્લેસમેન્ટ થેરેપી (એરઆટી)નો સામાન્યપણે કૉલ્ડ સ્વૅટ, રજોનિવૃત્તિ દરમિયાન ગરમીના ફ્લેશીશ જેવામાં થતો હતો, જેનાથી હવે પુષ્ટિ મળી છે કે એનાથી સ્તન કૅન્સર થવાની સંભાવના વધુ છે. સ્થૂળતા આગળ વધીને સ્તન કૅન્સર થવાના જોખમમાં વધારો કરે છે.

જ્યારે ગાંઠ નાની હોય અને ખૂબ જ સહેલાઇથી એનો ઇલાજ થતો હોવાથી વિલક્ષણપણે સ્તન કૅન્સર કોઇ ચિહ્નો ધરાવતું નથી, માટે વહેલાસરના નિદાન માટે સ્ક્રીનીંગ અગત્યનું છે. ખૂબ જ સર્વસાધારણ શારીરિક લક્ષણ છે દુ:ખાવા વિનાની



ડો. બોમન ધાભર- કન્સલ્ટન્ટ, ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડ

ગાંઠ, પરંતુ આવી ઘણ ગાંઠો સૌમ્ય કે નિર્દોષ (કૅન્સર રહિત) ગાંઠમાં પરિણમી શકે છે.

એ સોમવારની સાંજ હતી કે જ્યો 55 વર્ષની એક ચિંતાતુર મહિલા શ્રીમતી હેતલ શાહ મારી ક્લિનિકમાં પ્રવેશી. એની ફરિયાદ હતી કે એને એના ડાબા સ્તનમાં એક ગાંઠ થઇ છે. એનો રજોનિવૃત્તિનો કાળ ચાલતો હતો. એને કોઇ બાળક નહોતું એટલે એના જીવનમાં કદાપિ સ્તનપાન એના જીવનનો હિસ્સો નહાતો બન્યો. આવા કિસ્સાઓમાં પ્રારંભિક ટેસ્ટ છે મેમોગ્રાફી અને બાયાપ્સી. મેમોગ્રાફીમાં સ્તનનો એક્સ–રે લેવામાં આવે છે અને બાયોપ્સી એક એવો ટેસ્ટ છે, જેમાં ગાંઠના એક નાનકડા ભાગને કાપીને એને ટેસ્ટ માટે મોકલવામાં આવે છે. દુર્ભાગ્યવશ બાયોપ્સીમાં એ ગાંઠ કૅન્સરજન્ય હોવાનું નિદાન થયું. સર્વોત્તમ વસ્તુ એ હતી કે ટેક્નોલૉજી ઍડવાન્સ થતી જતી હોવાથી હવે અમે શોધી કાઢ શકીએ છીએ કે કૅન્સર પ્રસરી ગયું છે કે નહીં અને એ માટે અમે પીઇટી સીટી સ્કૅન નામક ટેસ્ટ કરીએ છીએ. પીઇટી સીટી સ્કૅનમાં આખા શરીરને સ્કૅન કરવામાં આવે છે અને નક્કી કરવામાં આવે છે કે કૅન્સર સ્તન ઉપરાંત કોઇ અન્ય અવયવમાં ફેલાયું છે કે નહીં. અને જો પીઇટી સ્કૅન નેગેટિવ આવે, કે જે હેતલના કિસ્સામાં અમે શોધી કાઢ્યું, અમે નિર્ણાયત્મક ઇલાજ કરી શકીએ છીએ અને કૅન્સર સાધ્ય બની શકે છે. આ ઉપચારમાં સર્જરી–જેમાં સ્થાનિક મોટો કાપો મૂકવામાં આવે છે, જેને ફોર્ટિસ હૉસ્પિટલ, મુલુંડના ઓન્કો સર્જ્યન ડૉ. અનિલ હેરૂરે આ કાર્ય પાર પાડ્યું અને ત્યાર પછી મેં પોતે કેમોથેરપીથી ઇલાજ ચાલુ કર્યો અને છેવટે ડૉ. રૂપલ છેડાએ રેડિએશન થેરપીના સેસન્સ હાથ ધર્યાં. આ ઉપચાર નવ મહિના ચાલ્યો જેનાથી રૂપલ સંપૂર્ણપણે સાજી થઇ ગઇ. ઉત્સાહી વ્યક્તિ હોવાને કારણે હેતલ દસમાં મહિનાથી પુન: કામ પર લાગી ગઇ. હેતલે કૅન્સર પર વિજય મેળવ્યો અને આજે એ ફોર્ટિસ કૅન્સર સપોર્ટ ગ્રુપની એક ખૂબ જ સક્રિય મૅમ્બર છે. એ કૅન્સરના અન્ય દરદીઓને સલાહ–સૂચના આપે છે અને પોતે વિવિધ ઑર્કેસ્ટ્રાઓનો એક હિસ્સો હોવાથી પોતાના ગાવાના શોખને એણે જાળવી રાખ્યો છે.

અમારી ટીમ, કે જેમાં સમાવેશ છે ઓન્કો સર્જન, મેડિકલ ઓન્કોલૉજીસ્ટ અને રેડિએશન ઓન્કોલૉજીસ્ટ કે જેઓ ફોર્ટિસ હૉસ્પિટલ, મુલુંડમાં એક જ છત્ર હેઠળ ઉપલબ્ધ છે. એમના મલ્ટીડિસિપ્લિનરી વલણ દ્વારા આજે હેતલ સ્તન કૅન્સરના દરદીમાંથી એક ગાયિકા બનવાનો પોતાનો શોખ પૂરો કરી રહી છે.'

Organization Accredited by Joint Commission International Mumbai and Bangalore

NABH ACCREDITED

Mulund-Goregaon Link Road,
Mulund (W), Mumbai - 400 078.
Tel.: 022 4365 4365

Fortis



Mumbai's Finest Gelato & Sorbetto

# SCOOP GELATERIA

At Scoop Gelateria we make and sell the finest gelato and sorbetto with real ingredients and that's no joke.

We make everything from scratch in our kitchen to maintain quality, for instance our caramel sauce isn't outsourced it's made fresh in the store. Also we use fresh cow's milk only to make Gelato and other dairy products.

At Scoop Gelateria we have uniqueness in our flavours, hardly seen in Mumbai. Come, enjoy a scoop of Gelato or Sorbetto, we promise, you won't be disappointed.

Slow Churned

Hand Made

Cow's Milk Only

100% Natural

Less Air Less Fat Full of Flavour

## Did you know ?

| GELATO | VS | ICE-CREAM |
|---|---|---|
| 2-9% Fat | Fat | 15-30% Fat |
| More Milk Less Cream | | More Cream & Other Fats |
| Slow Churning Gives Gelato A Denser & Full Body Texture | Air | Churning Process Gives Ice Cream Light & Fluffy Texture |
| -13°C - 15°C | Serving Temperature | -17°C - 19°C |
| Higher Serving Temp Allows The Tongue To Experience More Intense Flavour | | Lower Serving Temp Makes Ice cream harder in texture & Imparts Lesser Flavour to the Palette |





## Diwali Offer

## Bill Rs. 100 & Get a Stick Free



Home Delivery

# 60 FEET ROAD

## PRAKASH HOUSING SOCIETY

☎: 022-21020504

Pure Veg.

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

☎ : 022-40229684

# વોઈસ ઓફ ઘાટકોપર

વર્ષ : ૧૦ ● અંક : ૪૦ ● સળંગ અંક : ૪૨૪ ● મુંબઈ ● શુક્રવાર ● તા. ૦૨ નવેમ્બર – ૦૮ નવેમ્બર ૨૦૧૮ ● પાના : ૪૦ ● કિંમત રૂા.૪

Terraform Realty®
(Formerly Everest Developers)




સ્ટે ક્લોઝ 2 મેટ્રો સ્ટેશન

અને ઘાટકોપર પૂર્વ સ્ટેશન

ટેરાફોર્મ દ્વારકામાં રહેવું એટલે સ્વપ્નને જીવવા જેવું છે. સ્ટેશનની બાજુમાં. આધુનિક જીવનશૈલી, ભવ્ય અપાર્ટમેન્ટ્સ, સૌમ્ય વાતાવરણ, આ એક એવું જીવન છે જે તમને રોજીંદી દુવિધાઓ અને મુંઝવણોથી છુટકારો આપે છે. જૈન દેરાસર, શોપિંગ સેન્ટર, શૈક્ષણિક સંસ્થાઓ, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે વગેરે, જેની બાજુમાં જ છે, એવુ આ ઘર, તમારા સ્વપ્નનું ઘર છે.

સ્ટોક ઈમેજ

Terraform
DWARKA
GHATKOPAR EAST

1, 2 & 3 BHK Starting ₹1.62 CR.# (All Incl.)

10:90* Pay 10% Now & No EMI Till Possession

PRICES RISE AFTER DIWALI

ખાસ આકર્ષણો

- સ્વીમિંગ પૂલ
- લેન્ડસ્કેપ્ડ પોડિયમ ગાર્ડન
- બાળકોને રમવાની જગ્યા
- ફિટનેસ સેન્ટર
- બેસમેન્ટ અને પોડિયમ માટે રેમ્પ

95135 94071

સેમ્પલ અને શો ફ્લેટ તૈયાર

સાઈટ: નીલયોગ મૉલની બાજુમાં, ૯૦ ફીટ રોડ, પટેલ ચોક, મેટ્રો અને રેલ્વે સ્ટેશનની બાજુમાં, ઘાટકોપર (પૂ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

The project has been registered via MahaRERA registration numbers:
A wing - P51800002718 | B wing - P51800002826
and is available on the website https://maharera.mahaonline.gov.in under registered projects
ANAROCK Property Consultants Pvt. Ltd. (Formerly Jones Lang LaSalle Residential Pvt. Ltd.)
MahaRERA registration no. A51900000108 available at maharera.mahaonline.gov.in

Strategic Partner
ANAROCK

Project funded by HDFC

Disclaimer: The plans, designs, dimensions and elevations are as per current sanctioned plans, specifications, amenities and facilities will be set out in the agreement for sale and images are artistic impressions and purely for representational purposes. The same may be subject to changes in terms of approvals, orders, directions and/or regulations of the concerned/relevant authorities, and/or for compliance with laws/regulations in force from time to time.



WISHING YOU ALL A VERY
Happy Diwali
AND A PROSPEROUS
New Year!
PRAKASH MEHTA
MINISTER FOR HOUSING,
GOVERNMENT OF MAHARASHTRA.
/BJPPRAKASHMEHTA
WWW.PRAKASH-MEHTA.COM

# MAKE PLANS
HOLIDAYS

## SPECIAL OFFERS FOR MALDIVES


TAJ EXOTICA RESORT & SPA


TAJ CORAL REEF RESORT & SPA


KANUHURA


LUX* SOUTH ARI ATOLL


MOVENPICK




FOUR SEASONS


HUVAFEN FUSHI


W MALDIVES


ANATARA RESORTS


COCO BODUHITHI

## PLAN PARADISE NOW

MALDIVES SPECIALISTS

ADDRESS: 282/16, KHANDKE BUILDING, S.B.SINGH ROAD, FORT, MUMBAI - 400 001.
CONTACT: +91 9820455030 (D J ASHAR) // +91 9769484377 (DEV BAJAJ)
TEL: 22692233 // 22692277
EMAIL: SALES@MAKEPLANS.IN // WEBSITE: WWW.MAKEPLANS.IN

SHREE KUTCH VISA SHRIMALI OSWAL GURJAR JAIN GNATISAMAJ, MUMBAI
Public Trust Regn. No. A-2215 (B)

Air Conditioned Banquet Hall & Conference Hall with Modern Facilities For Wedding / Parties

Sumati Gurjar Bhavan, 12/13 Swastik Park, Chembur, Mumbai - 400 071.
T : 2524 4704 • E : kvsomumbai@yahoo.co.in

## PARICHAY MILAN - FRIDAY, 28th SEPT. 2018




શ્રી કચ્છી વિસા શ્રીમાળી ઓસવાળ ગુર્જર જૈન જ્ઞાતિ સમાજ, મુંબઈએ શુક્રવાર તા.૨૮-૯-૨૦૧૮ તથા શનિવાર, તા.૨૯-૯-૨૦૧૮ના બે દિવસીય પરિચય મિલનનું આયોજન સુમતિ ગુર્જર ભવન, ચેમ્બુર ખાતે બહુજ વ્યવસ્થિત રીતે થયું હતું. મુંબઈ અને ભારતભરમાંથી કુલ ૨૫૦ લગ્નોત્સુક યુવાન-યુવતીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

આ બે દિવસીય 'પરિચય મિલન'નું ભવ્ય આયોજન શ્રી બિહારીલાલ રવિલાલ શાહ (કન્વીનર), શ્રી દીપક કાંતીલાલ શાહ અને બીજા સભ્યો તથા શ્રી સુધીર છગનલાલ વોરા (પ્રમુખ)ના નેજા હેઠળ બહુજ સુંદર રીતે સંપન્ન થયો હતો.

આ બે દિવસીય 'પરિચય મિલન'નું મેનેજમેન્ટ પરિચય મિલન સમિતિના સભ્યો તથા 'કેવીએસઓ ગુર્જર યુથ ફોરમ'ના યુવાન ઉત્સાહી સભ્યોએ બહુજ સુંદર રીતે સંભાળ્યું હતું. આ બન્ને દિવસના પરિચય મિલનનું સંચાલન શ્રીમતી વૈશાલી કારાણીએ બહુજ સુંદર રીતે સંભાળ્યું હતું. આ પરિચય મિલનમાં ભાગ લેનારને '૨૫૦ યુવાન-યુવતીઓની બાયોડેટા'ની કલરફુલ બુક આપવામાં આવી હતી જે બધાને બહુજ ઉપયોગી સાબિત થઈ હતી.

આ બે દિવસીય 'પરિચય મિલન'ના સહયોગી નીચે મુજબ હતા (૧) નયસા - નીશ્રા નીરજ સંઘવી ફેમેલી (૨) માતુશ્રી સુશિલાબેન મણિલાલ સંઘવી ફેમેલી - રવિન્દ્ર સંઘવી (૩) માતુશ્રી હંસાબેન હંસરાજ પરસોત્તમ પારેખ ફેમિલી (૪) શ્રીમતી નીરુપમાબેન બિહારીલાલ રવિલાલ શાહ ફેમિલી.

આ 'પરિચય મિલન' થકી એક મહિનામાં આઠ એંગેજમેન્ટ થયા હતા એટલે કે ૧૬ યુવાન-યુવતીઓનું નક્કી થયું હતું અને હજી ઘણા યુવાન-યુવતીઓની વાતો ચાલુ છે. એમા પણ સારા પરિણામોની આશા છે. આમ આ 'પરિચય મિલન' ભવ્ય વ્યવસ્થિત અને સફળ પરિણામવાળુ રહ્યું હતું. જૈન સાગર કેટરર્સના શ્રી ભરતભાઈ દોશીએ બે દિવસ ભોજનમાં મનભાવતા અને સુમધુર વ્યંજનો પીરસ્યા હતા.


JEWELURE
By Niraj Doshi
(Former Director of Bharti Jewellers, Ghatkopar)
SILVER ARTICLES
• Silver Articles • 92.5 Silver Jewellery • Lifestyle Jewellery • Jewel Idols
• Italian Silver Plated Gift Articles • 99.5 and 99.9 Gold Coins • 99.9 Silver Coins
Zest Business Space (ZBS), M.G. Road, Next to RBL Bank, Ghatkopar (E), Mumbai- 77
Ph. no.: 022 25010154/55 | niraj@jewelure.co.in | www.jewelure.co.in




જ્યોતિષ - પ્રકાશ જોષી

મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧

Email : prakasjoshi@gmail.com


# વાર્ષિક રાશી ભવિષ્ય

## સંવત વર્ષ ૨૦૭૫

### મેષ (અ,લ,ઈ)

**આરોગ્ય બાબતે :** વર્ષની શરૂઆતમાં નાની નાની તકલીફો રહે છતા મોટો અને હઠીલા લાંબા સમયથી ચાલતી આવેલી તકલીફોમાં રાહત રહે. ગરમીની મોસમમાં વિશેષ શ્રમ થકી પગ અને હાથમાં કળતરનો અનુભવ થાય. મુસાફરીના કારણે જેટલેગ અથવાતો લાંબી મુસાફરીના શ્રમનો પણ અનુભવ થાય સ્વાસ્થના પ્રશ્નોના ઉકેલ માટે યોગ અને વ્યાયામ કરવા ઠોક રહે. વરસાદના પાછોતરા સમયમાં પાણીજન્ય વાયરલ ઈન્ફેક્શનની શક્યતા અંગે સાવધ રહેવું જરૂરી રહે. શરદી-કફ વગેરે થકી શ્વસન તંત્ર પર અસર થઈ શકે છે. ડોસીવૈદ્ય અને સામાન્ય આર્યુવેદની દવા-પ્રક્રિયા સહાયભુત પુરવાર થાય ઈશ્વર ભક્તિ અને ઈષ્ટની આરાધના ધ્વારા સહાય મળી રહે.

**આર્થીક બાબતો :** આવક વર્ષની શરૂઆતમાં સારી રહેવાથી ઉત્સવની ઉજવણી સારી રીતે કરી શકાશે. જાન્યુઆરી મહિનાની શરૂઆત સુધીનો સમય સારો ગણી શકાય ત્યારબાદ અચાનક અને ઓચિંતા આવેલ ખર્ચાઓમાં આવકના મોટાભાગ ખર્ચાઈ જવાની શક્યતાઓ રહે છતાં મે મહિના સુધી આવક ચાલુ રહેવાથી વાંધો આવે તેમ નથી. યાત્રા-પ્રવાસ-જાત્રા અંગેના ખર્ચાઓ એપ્રીલ, મે મહિનામાં વધારે રહેતા જણાય. શુભકાર્યોની ધાર્મિક પ્રસંગે પણ ખર્ચાઓ કરવાના આવે. જુલાઈ મહિના સુધી ખર્ચાઓનું પ્રમાણ વિશેષ રહે દવા-દારૂ પાછળ પણ ખર્ચ કરવાનો થાય. જુલાઈ મહિના બાદ સાહસ-સટ્ટા તરફ વધારે આકર્ષણ રહેતું જણાય. ઓગષ્ટ-સપ્ટેમ્બર મહિનાઓ ઉઘરાણી અને આવક કોઈને કોઈ કારણસર હાથ નીચેની વ્યક્તિઓ વાપરતી જણાય આપવાનો નાણાં રોકાઈ જતાં જણાય. વર્ષના અંત સુધી વાંધો આવતો જણાતો નથી. વ્યવસાયી અને નોકરી કરતાં વર્ગને માર્ચ મહિના સુધી ઉપરના દબાણ અથવા અન્ય કારણસર તકલીફોનો સામનો કરવાનો વખત આવે સહાસ-સટ્ટા કરનારા માટે ડિસેમ્બર જાન્યુઆરીમાં નાણાં અટવાઈ જવાની સમસ્યાથી ધ્યાન રાખવું જરૂરી રહે. તારવણી-નફાનું પ્રમાણ આ સમયમાં નીચું રહે રોકાણ અટવાઈ જતું જણાય તેઅંગે ધ્યાન આપવું હિતકર રહે. માર્ચ, એપ્રીલ દરમ્યાન મળતો નફો તારવણી કરો રોકડો કરી લેવી હિતકર થાય. લાંબા ગાળાના રોકાણો અંગે વિચારી શકાશે. જૂન-જુલાઈમાં નાણાંકીય ગફલત નુકશાન કરાવી શકે છે. ધ્યાન રાખવું જરૂરી રહે. ત્યારબાદ ઓછા નફે વધારે વ્યાપારની નિતી અનુસરવી હિતકર રહે. જીવનસીથીને આવક અસંતોષજનક જણાય.

**કૌટુંબીક બાબતે :** કૌટુંબીક એખલાસ સારો રહેતો જણાય. પ્રસંગો પર ખર્ચ કરવાનો થાય. મોટી બિમારી ન હોવાની તથા સંતાનો ના ખર્ચાઓ સીવાય રાહત જણાય.

**સ્થાવર જંગમ બાબતે :** ભુમશુધ્ધી વગેરે જોઈને લેવી તથા માર્ચ બાદ લેવી હોયતો લઈ શકાય કામકાજના સ્થળે ઈન્ટીરીયર-મેન્ટેનન્સ વગેરેના ખર્ચાઓ થઈ શકે છે. કિંમતી વસ્તુની ખરીદીનો આનંદ કરતાં ઉપયોગીપણ ખાતર વસાવવી પડે. એપ્રીલ-મે મહિનાની ખરીદી આનંદ આપી જાય, જુન-સપ્ટેમ્બર વચ્ચે કિંમતી વસ્તુ ખરીદી મોકુફ રાખવી સપ્ટેમ્બર-ઓક્ટેબરમાં સારી સ્થાવર-જંગમ પ્રાપ્ત થઈ શકે છે.

**સંતાનો બાબતે :** સંતાનોના પ્રશ્નો કદાચ તકલીફ રૂપે અનુભવો અથવા તેમની કાર્ય પદ્ધતી પરેશાન કરી શકે છે. સફળતા સંતાનોના જન્મ સમયના ગ્રહોપર આધારીત રહે.

**વિદ્યાર્થીઓ અંગે :** ગ્રહોસુચીત ગોચર પરિણામમાં રૂકાવટ ઉભી કરતા જણાય ક્યાંક કોઈ વિષયમાં સમજણ અને આવડત પર નકારાત્મક પરિણામ સફળતાને અસર કરી શકે છે. ઈશ્વરી સહાય માટે આરાધના કરવી જરૂરી છે.

**મહિલા અંગે :** બધુ હોવા પછી પણ ક્યાંક લાગણીમાં રંજ રહેવાનો અનુભવ થઈ શકે છે. સ્વાસ્થ સારૂ રહેવા પછી પણ માનસીક મુંઝવણો રહ્યા કરે ખાણી-પીણી પર વધારે ધ્યાન રાખવું સ્વાસ્થ માટે જરૂરી છે. રોજીંદા કામકાજો પર યથાવત સ્થિતીનો અનુભવ રહે. વ્યવસાયમાં માર્ચ એપ્રીલનીમાં ખાસ ધ્યાન રાખવું જરૂરી થાય લાભ-નફાની ગણતરી માર્ચ મહિના બાદ કરી શકાશે. મિત્રોની મદદ મળી રહે અને સફળ થવામાં સહકાર પણ સારો મળતો જોવાય. ઈષ્ટની સાધના તકલીફોમાંથી રસ્તો મેળવામાં સહાયરૂપ થાય.

**વિશેષ વિગતો :** સુખનો અહેસાસ મેળવવા માટે માર્ચ મહિના સુધી રાહ ડોવી પડે સહાસ-સટ્ટા વગેરેમાં જન્મના ગ્રહને ચાલતી દશા વધારે સહાસ કારક પુરવાર થાય ડિસેમ્બર માસમાં સ્વાસ્થ અંગેની સંભાળ લેવી જરૂરી થાય સહાસ-સટ્ટા અને સંબંધો અંગે જન્મના ગ્રહો પર આધાર રાખવો પડે. સહાયક અને સઃહકાર્યકર નો સાથ જાન્યુઆરીથી પ્રાપ્ત થાય ઉઘરાણી નફો મળવાની શરૂઆત થાય પરંતુ ખોટા સાહસ સટ્ટાથી દુર રહેવું જરૂરી રહે. ફેબ્રુઆરીમાં તથા માર્ચમાં નકારાત્મક ઉર્જા અને વ્યક્તિઓ ધ્વારા અસરનો અનુભવ થઈ શકે છે. રોઠાણ અંગે સાવધાની વર્તવી જરૂરી છે. હરીફવર્ગની પ્રવૃત્તીઓ કામ-કાજ પર અસર કરી શકે છે. અનુજોની અને સંતાનોની ખુશી માટે એપ્રીલ-મે મહિનામાં વધારે ખર્ચ કરવો પડે છે. મે મહિનાથી ઓગસ્ટ મહિના સુધી ખાણીપીણી ધ્વારા સ્વાસ્થ જાળવવા પ્રયત્નો કરવા પડે. સંતાનો અને અનુજો તમારી માટેની લાગણી વધારે પ્રમાણમાં સકારાત્મક રહેવાની શક્યતા રહે. જાન્યુઆરીથી ગોચરના ગ્રહો અને જન્મના ગ્રહો સફળતા અપાવી જાય છે અને અન્યોની ઈર્ષ્યાના ભોગ બનવાથી બચવું જરૂરી થાય. વ્યવસાય અને નાણાં મેળવવામાં વધારે વ્યસ્તતાનો અનુભવ થાય. એકંદરે વર્ષ ગયાનો અનુભવ વર્ષના અંતે અનુભવી શકાશે તેના અંતે સાર્થિક વર્ષ ગયાતો.

### વૃષભ (બ,વ,ઉ)

**આરોગ્ય બાબતે :** સંપુણ વર્ષ શ્રમના કારણે શારિરીક પીડાનો થોડો થોડા અનુભવ રહ્યા કરે. જાન્યુઆરી મહિના સુધી થોડી ચયાપચયન અથવાતો જુના દર્દો અંગેની તકલીફો રહ્યા કરે પિત્ત-વાયુકફના દોષના નિવારણ માટે ખાવા-પીવા પર પુરતું ધ્યાન રાખવું જરૂરી છે. વાયું વિકાર સમસ્યા ન સર્જી જાય તે અંગે સાવધ રહેવું ધ્યાન રાખવું જરૂરી છે. મોજ શોખ જન્ય તકલીફો અંગે સાવધાની વર્તવી વિરૂદ્ધ આહાર હૃદય ચેન અંગેની સમસ્યા સર્જી શકે છે. સાવધાની વર્તવી જાન્યુઆરીથી સ્વસ્થતાપૂર્વક કામકાજમાં લાગી જવું પડે આનંદ ઉત્સાહ મે મહિના સુધી જળવાઈ રહે ત્યારબાદ યાત્રા-પ્રવાસ-જાત્રાના પ્રસંહો ઉપસ્થિત થીય આ સમયે લુ અથવા સ્થાન જન્ય બિમારીથી સાચવવું આંખ-મોતીયાસ બાયપાસ વગેરે અંગેના નિર્ણયો જૂનથી-ઓક્ટોબર મહિના દરમ્યાન ટાળવા જરૂરી રહે. બ્લડપ્રેશર અંગે સાહસ-સટ્ટામાં સંભાળવું જરૂરી રહે. ભાગ્ય સ્થાનને લગતા ઈષ્ટની આરાધના રાહત આપી જાય.

**આર્થીક બાબતો :** મહેનત પ્રમાણે આવક એકંદરે સારી રહે. આપેક્ષા કરતા લાભ ઓછો મળતો જોવાય, ભાગ્ય બળની ઉણપ જણાય માર્ચ મહિના બાદ આર્થિક બાબતો અનુભવ થઈ શકે છે. આવક વધવા સાથે ખર્ચમાં વધારો બચતની શક્યતા નહિવત રાખે. નાણાં મળતાં રહે સાથે વપરતા પણ રહે સાહસ-સટ્ટામાં ધારેલી તારવણી કરવામાં મુશ્કેલી રહે. ફેબ્રુઆરીથી મે મહિના દરમ્યાન સારી કમાણી થઈ શકે છે, અથવા તો પગાર વધારો થવાની શક્યતા રહે. થયેલી વધારાની આવક આથવા તો બચત મે મહિના દરમ્યાન સાહાસ-સટ્ટા અથવા તો અજાણ્યા સ્થળે કરેલા રોકાણમાં ફસાવણી ન થાય તે અંગે સાવધ રહેવું જરૂરી છે. ગબન થવાની પણ શક્યતા રહે. જૂન-જુલાઈ-ઓગસ્ટ તથા સપ્ટેમ્બર મહિનાઓ દરમ્યાન સારી આવકને કારણે ઘર ખર્ચ વધી શકે છે. સાહાસ સટ્ટા અને જોખમી રોકાણ તરફ વધારે આકર્ષણ થતું જોવાય. સપ્ટેમ્બર માસ દરમ્યાન ઉઘરાણી અને અન્ય વ્યક્તિઓ ધ્વારા નાણાંકીય આવકમાં રૂકાવટ ઉભી થઈ શકે છે. ત્વરીત કામ અને ઉઘરાણી રાખવા હિતકારક પુરવાર થાય ચોરી લબાડી અંગે પણ સાવચેત રહેવું જરૂરી છે. વર્ષ દરમ્યાન કૌટુંબીક અને અન્ય સંબંધો થકી વિલ-વારસા, હક્ક-હિસ્સાની આવકની શક્યતા રહે. પ્રમાણ જન્મના ગ્રહો પર નિર્ભર કરે છે. સ્થાવર જંગમની ખાસ આવક જણાતી નથી. કામકાજોમાં ધીમી ગતીનો સુધારો જોવાય વધારાના કામો ધ્વારા વધારાની આવક શક્ય થાય. મહેનત પૂર્ણ વર્ષ ગણી શકાય.

**કૌટુંબીક બાબતે :** કૌટુંબીક સભ્યોનું વલણ માર્ચ મહિનાથી અકળ જણાય સમજવું અને આશયમો તાગ મળવો મુશ્કેલ જણાય ભૂતૃવર્ગ અને માતૃવર્ગ પોત પોતાની સફળતા અને કાર્યમાં મહેનત કરતા રહે પરતું કાર્યશૈલીમાં ગુપ્તતા અને ગોપનીયતા વધારે રાખવાના પ્રયત્નો કર્યા કરે. કામકાજના આશય અંગે આશંકા રહેતી જણાય સંપત્તીમાંથી આવક આથવાતો રોકડા મળી શકવા માટે સારો સમય ગાણી શકાય સંતાનોની પ્રગતી એકંદરે સારી રહેતી જણાય. આર્થીક, સામાજીક-રાજકીય ક્ષેત્રે સફળતા મળી શકે છે. છતાં સંતાનોના અભ્યાસનોને સફળતા મળી શકે છે. સંપત્તી વસાવવા માટેના પ્રયત્નો સફળ થાય. જીવનસાથીની વાણી સંકટ ઉભી ન કરી જાય તે અંગે સાચવવું સંપત્તી અથવા ઘર-સ્થાવર જુની વેચીતોડી નવી બનાવવા ખર્ચદ કરવા માટે સારૂવર્ષ ગણી શકાય. પિત્રુની પોતાની કામકાજોમાં વધારે ધ્યાન રહે અને પોતાનામાં વધારે વ્યસ્ત રહેતા જણાય. કૌટુંબીક નાણાંભીડ જણાતી નથી. ભ્રાતૃવર્ગની આવક એકંદરે સારી રહે.

**સ્થાવર જંગમ અંગે :** વર્ષ દરમ્યાન સ્વપાર્જીત ઘર-ઓફિસમાં યથાવત સ્થિતી રહે. જન્મના ગ્રહો પર વધારે આધાર રહે. જીવનસાથી-ભાગીદારના નામપર સ્થાવર જંગમ વસાવવાના યોગ થઈ શકે છે. વાહન ખરીદી પણ દર્શાતી નથી કિંમતી વસ્તુની ખરીદી સમયને અનુરૂપ થઈ શકે છે.

**સંતાનો અંગે :** સંતાનોપર વધારે ધ્યાન આપી ઉન્નતી માટે પ્રયાસ કરતાં જણાય સંતાન અંગે ઘરે પારણું બાંધવા માટે ગોચરના ગ્રહો સાથ આપે છે. સંતાનો પ્રગતી માટે અભ્યાસ પર પૂર્ણ ધ્યાન રાખવાથી પ્રગતી સાધી શકશે. સંતાનોની પ્રગતી એકરીતે પ્રગતી કારક જણાય. સહાસ સટ્ટામાં પૂર્ણ ગણતરી કરીને આગળ વધવું મિત્ર વર્ગથી ધ્યાન રાખવું જરૂરી રહે.

**વિદ્યાર્થીઓ અંગે :** વાર્ષિક મહેનત ધ્વારા સારી સફળતા મળી શકશે, મહેનતના પ્રમાણમાં સફળતા મળી શકે છે. ધારેલી સફળતા માટે જોઈતી મહેનત કરતા વધારે મહેનત કરવી પડતી જોવાય. પરિક્ષાના સમયમાં મિત્રવર્ગ અને હરીફ વચ્ચે અંતર રાખવું અત્યંત જરૂરી રહે. પ્રશ્નો સમજી વિચારીને જવાબ આપવા હિતકર પુરવાર થાય પ્રશ્ન પત્રો ફુટવાની વગેરે અફવાઓથી સાવધ રહેવું અત્યંત જરૂરી છે. ઉચ્ચ અભ્યાસ અંગે વિદેશ જવા માટે જન્મના ગ્રહો પર આધાર રહે છે. પ્રોફેશનમાં આગળ વધવા માટે સમજી વિચારીને આગળ વધવું પડે. નાણાં શરૂઆતમાં રોકાઈ જતાં તકલીફ અનુભવાય નોકરી મેળવવા પરિશ્રમ કરવો પડે યશ-માન-પ્રતિષ્ઠા મળી રહે.

**મહિલા અંગે :** સાહાસ કરવાની વૃત્તી વિશેષ જોવાય અને લોકો અવઢવમાં રાખતા જણાય. સામાજીક પ્રવૃત્તીનો આનંદ શારિરીક સ્થૂળતા વધારો શકે છે. સ્વાસ્થ સારૂ જણાય કૌટુંબીક પ્રવૃત્તીમાં અન્યોને કળવામાં મુશ્કેલી જણાય. અંગત સંબંધો એકંદરે સારા રહેતા. તકલીફો ઓછી રહે. સમાધાન ધ્વારા વ્યવહારો સુધરી શકે છે.

**વિશેષ વિગતો :** મહેનત વધારે કરવી પડે યશ-માન-પ્રતિષ્ઠા અંગેનો અહમ વધારે રહે-જીવન સાથી-ભાગીદીર સાથે વૈમનશ્યો ઉભા થતા રોકવા વાદ-વિવાદથી દુર રહેવા પ્રયત્નો કરવા જરૂરી રહે. સહાસ-સટ્ટા-વાયદામાં ગણતરી કરીને જ આગળ વધવું વધારાની આવક શક્ય થાય પ્રસંગોચીત અથવા તો ધંધાકીય સામાજીક કામકાજો અંગે યાત્રા પ્રવાસ કરવા પડે. શુભમ ભવતુ.

### મિથુન (ક,છ,ઘ)

**આરોગ્ય બાબતે :** વર્ષ દરમ્યાન શરૂઆત નરમ ગરમ તબીયતથી

# વાર્ષિક રાશી ભવિષ્ય - સંવત વર્ષ ૨૦૭૫, જ્યોતિષ : પ્રકાશ જોષી - મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧

થાય છે. વિચાર વાયુ, માનસિક મુંઝવણ વગેરેથી સંભાળવું જરૂરી છે. કોઈ મોટી બિમારી જણાતી નથી. માનસિક થકાન, લોહીને લગતા લોહી ઓછું થવું. પરિભ્રમણ ઓછું થવું સ્નાયુઓ અકડાય જવાની, લુ-વાય ગરમીથી સંભાળવું જરૂરી રહે. છતાં વર્ષ દરમ્યાન શસ્ત્રક્રિયા અથવા મોટી બિમારી સુચિત નથી. વર્ષના અંત સમય સુધી પિત્ત અને વાયુજન્ય પરિસ્થિતિ ટાળવી અત્યંત જરૂરી છે.

**આર્થીક બાબતો :** સાહસ-સટ્ટા, આંધળા સાહસ ફ્યુચર-ઓપ્શનમાં માર્ચ મહિના સુધી સમજી વિચારી સ્ટોપલોસ-મર્યાદિત નફાનો વ્યાપાર જ કરવો અને લોભ-લાલચ-પ્રલોભનોથી દુર રહેવાથી નુકશાનથી બચી શકાશે. બચત કરતા નુકશાન ન થાય તે પર વધારે ધ્યાન આપવું જરૂરી થાય છે. ડિસેમ્બર મહિનાથી મહેનત વધારે ધ્યાન આપતાં જણાવ સ્વાસ્થ પર થાક અને દોડા-દોડીની અસર જણાય. આવક વધારવા ના પ્રયત્નો નાણાંકીય સ્થિતિ ફેબ્રુઆરી સુધી તંગ રહેતી જણાય. નાણાંકીય રાહતનો અનુભવ માર્ચ મહિના બાદ મળી શકે છે. કામકાજમાં વધારો થઈ શકે અને ધન સાથે યશ-માન-ધન મળતા થાય. એપ્રિલ-મે મહિનામાં કામમાં વ્યસ્તતા વધારે રહેતી જણાય. મે-જુન માસ દરમ્યાન યાત્રા પ્રવાસ જાત્રા માંગલીક કાર્ય અંગેના આયોજન અંગેના ખર્ચાઓ થઈ શકે છે. આ દરમ્યાન પાણીજન્ય અને ગરમીના રોગોથી સંભાળવું જરૂરી થાય. જુન મહિના દરમ્યાન રોકાણ અને સટ્ટા-સાહસ અંગે નાણાં લાંબા સમય સુધી રોકાઈ જઈ શકે છે. ત્યારબાદ પણ લોભ-લાલચ પ્રલોભનોથી ઓગસ્ટ મહિના સુધી સાચવવું પડે. તહેવારોની ખરીદીનો આનંદ લેવા નાણાં મળી રહેતા જણાય.

**કૌટુંબીક બાબતે :** વર્ષની શરૂઆત દરમ્યાન મત-મતાંતર, ગેરસમજણ ખેંચાતાણીનું વાતાવરણ અર્થ-અનર્થ વૈમનશ્યો વચ્ચે માર્ચ મહિના સુધી શાંતિ જાળવવા સમજણ કેળવવી વગેરેથી તુટતા સંબંધો જાળવવા પ્રયાસ કરવા અત્યંત જરૂરી થાય. ભ્રાતૃવર્ગને સાથ આપવો અને તેમનો લેવો અત્યંત જરૂરી છે. ભ્રાતૃવગને સફળતા મહેનત દ્વારા જ મળી શકશે તથા કામ-કાજ મળી શકશે. બદલી કે બઢતી મળી શકે છે અને કુટનીતિનો સહકાર લઈ શકે છે. તેમની ઈચ્છાઓ જાણવી અકળ રહે. ભણતરમાં સફળતા મળી શકે છે. સંતાનો કામકાજ અંગે અન્ય સ્થળે જઈ શકે છે. તેમને કામકાજમાં સરળ ન જણાય. સંતાનો સંબંધો દ્વારા જોડાઈ શકે છે. ભાગીદારી-લગ્ન શક્ય થાય. કામકાજમાં સરળતા રહેવાથી આવક જળવાઈ રહે. આપના ભાગીદાર-જીવનસાથી થોડા ભય અને આશકાથી ઘેરાયેલા રહેતા જણાય. પરદેશ ગમન અને વિદેશ વ્યાપાર-વ્યવહાર પણ થઈ શકે છે. સ્થાવર-જંગમમાં ફેરફાર થવો શક્ય છે. સહાસીક નિર્ણયોથી દુર રહેવું. પોતાની તબિયત અંગે ખર્ચ કરવાનો થાય અને તેમના સંબંધોમાં ઘટાડો થતો જોવાય. ધાર્મિકતામાં વધારો થઈ શકે છે. ભ્રાતૃવર્ગની પ્રવૃત્તિ અકળ રહે તથા તેમના કામકાજમાં ઘટાડો થતો જણાય.

**સ્થાવર જંગમ અંગે :** માર્ચ એપ્રિલ દરમ્યાન પૈત્રૃક સંપત્તિમાં ફેરફાર શક્ય થાય છે. જીવનસાથી-ભાગીદારના નામે રહેલી સંપત્તિમાં સમારકામ ઈન્ટીરીયરના ખર્ચાઓ કરવા પડે. વાહન ખરીદવાની યોજના પાર પડી શકે છે. ડિસેમ્બર-ફેબ્રુઆરી દરમ્યાન વાહન ચકાસણી અને ચોક્કસતા જોઈ કરવી. જુન-જુલાઈમાં નકામી ન જોઈતી વસ્તુ આવી જાય તે અંગે સાવધ રહેવું. સંતાનો પાર્જીત સંપત્તિમાં ખુબજ સાવધાનીપુર્વક વ્યવહાર કરવો જરૂરી થાય. અન્યો અંગે અમેરિકન ડાયમંડની ખરીદી કરવી શક્ય થાય. અન્ય કારણોસર સંપત્તિ અંગે જન્મના સમયના ગ્રહો પર આધાર રાખવો પડે.

**સંતાનો અંગે :** સંતાન પ્રાપ્તિ અંગે રાહ જોવી પડી હોય તેમની સાર-સંભાળ વધારે રાખવી પડે. શું વિચારે છે? અને કરવા માંગે છે તેની સમજ અકળ રહે. અભ્યાસ અને પરીક્ષામાં સફળ થઈ શકે છે. કામકાજ કરતાં સંતાનો અંગે વખાણ સાંભળવા મળી શકે છે. લગ્ન યોગ શક્ય થાય. સંતાનોને સંતાન પ્રાપ્તિના યોગ થઈ શકે છે. સંપત્તિ બાબતે સંભાળવું જરૂરી છે. યાત્રા-પ્રવાસ-જાત્રા લાંબી મુસાફરીના યોગ થઈ શકે છે. ધાર્મિક માન્યતામાં ફેરફાર જણાય.

**વિદ્યાર્થીઓ અંગે :** મહેનતના પ્રમાણમાં સફળતા મેળવી શકાય તેમ છે. પુરતા પ્રયત્નો કરવાથી યશ-માન-પ્રતિષ્ઠા મળી શકે છે. ખોટા વિચાર અને માનસિક મુંઝવણથી દુર રહેવું હિતકર રહે. વૈચારિક ભયથી દુર રહી મહેનત પર પુરતું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. કુદરતના ઈશારા પ્રમાણે કોઈપણ અભ્યાસમાં સફળતા જન્મના ગ્રહો પર નિર્ભર રહેતી જણાય. માનસિક અવકળ અને વિચાર વાયુ અતિ આત્મવિશ્વાસ ઘાતક પુરાવાર થઈ શકે છે. આત્મવિશ્વાસ અને આત્મબળ ટકાવી રાખવા જરૂરી થાય છે. હરીફો અને શુભેચ્છક વચ્ચે ભેદરેખા પારખવી અત્યંત જરૂરી રહે છે. પરદેશ ગમન ઈચ્છતા વિદ્યાર્થીઓને સફળતા મળી રહે. અન્ય સ્થળે કામ મળે તો સ્વીકારી લેવું જરૂરી થાય.

**મહિલા અંગે :** વાયુ વિકાર અને વિચાર બન્નેથી ધ્યાન રાખવું જરૂરી રહે. મસ્તિષ્ક, આધશીશી માથું દુખવું મગજમાં પિત્ત વાયુ ચડી ન જાય તે અંગે આહાર વિહાર ખાસ કરીને ગરમીના પ્રકોપ વગેરેથી ધ્યાન રાખવું જરૂરી રહે. વૈચારિક મતભેદ મનીભેદ અંગે શાંતિ અને ધીરજથી પ્રશ્નો ઉકેલવા જરૂરી રહે. સ્નાયુઓ અંગે ફરતાવાથી સંભાળવું અને ઈલાજ કરી લેવા જરૂરી રહે. સંબંધોમાં વૈમનશ્યો ઉભા થવાની સ્થિતિ ટાળવી જરૂરી રહે. ભાગીદાર જીવનસાથી સાથે વૈમનશ્યની સ્થિતિ ટાળવી જરૂરી રહે.

**વિશેષ વિગતો :** થાક-આળસ-સંચયો અને મતભેદોની પરિસ્થિતિ ટાળવી જરૂરી રહે. મળતા નફા-લાભની તારવણી કરી લેવી. ભ્રાતૃવર્ગ માતૃવર્ગ અને પિતૃવર્ગ સાથે સમાધાનપુર્વક વ્યવહારો કરવા. ખોટા રોકાણ ન થઈ જાય અને નાણાં ફસામણી અંગે ચોક્કસ ગણતરીપુર્વક સાહસ સટ્ટા વાયદા માંગણતરીપુર્વક આગળ વધવું અત્યંત જરૂરી રહે. મન શંકા-કુશંકામાં ન ફસાતા વ્યવહાર અને સંજોગો પ્રમાણે સમાધાનપૂર્વક આગળ વધવું જરૂરી રહે.

## કર્ક (ડ,હ)

**આરોગ્ય બાબતે :** ગોચરમાં નવાવર્ષની શરૂઆત માનસિક મુંઝવણ અને અજંપાભરી સ્થિતિ મદથી બાહર નિકળવા પ્રયત્નો કરવાથી સમયમાં સુધારો આવવાની શરૂઆત થાય અને સમય પસાર થતા રાહતમાં હાશકારો મળે. કામમાં વ્યવસ્તતા આવે તેમ ખોટી મુંઝવણો અને ડરમાંથી છુટકારો મળી શકે. શારીરિક તકલીફોમાં પણ રાહત મળવી જાન્યુઆરીથી શરૂ થાય છતાં નાની નાની શારીરિક તકલીફો માટે ઉકેલ ગોતતા રહેવું પડે. ફેબ્રુઆરી મહિનાથી કામકાજમાં ઝડપ અને ઉત્સાહ વધતો જાય. સારી રીતે કામકાજ કરી શકાશે. માર્ચ-એપ્રિલ-મે મહિનામાં ગરમીના પ્રકોપ અંગે ધ્યાન રાખવું જરૂરી રહે. બ્લડપ્રેશર સ્ટ્રોક વગેરેથી સંભાળીને સ્વાસ્થ્ય ટકાવવા પ્રયત્નો કરવા સત્તાકીય કાર્યવાહીમાં ન ફસાવાય તે અંગે સાવધ રહેવું જરૂરી રહે.

**આર્થીક બાબતો :** અસ્થિર વિચારો થકી કામકાજોમાં ફેરફાર કર્યા કરવાથી ડિસેમ્બર મહિનામાં સાહસ-સટ્ટા વાયદામાં નુકશાન ન જાય અને સ્ટોપ થકી નુકશાની ટુંકાવવા પ્રયત્નો કરવાથી નાણાં ભીડથી બચી શકાશે. ત્યારબાદ નાણાં મળતા થાય અને વ્યવહારો સચવાઈ જવાનો હાશકારો અનુબવી શકાશે. મહેનત દ્વારા કમાયેલા પૈસા થકી માંગણીવાળા ધીરવાવાળાને સાચવી લેવા એપ્રિલ-મે-જુન મહિના દરમ્યાન તક મળશે. તરતા અને તુક્કાવાળી યોજના દ્વારા આવક વધારવા પ્રયાસો કરવા તરફ વલણ ફસામણી ઉભી ન કરે તે અંગે સાવધ રહેવું. ઓગસ્ટ-સપ્ટેમ્બર માસ દરમ્યાન નાણાં ઉઘરાણી અને વ્યાપારિક યાત્રાનું આયોજન કરવું પડે. તહેવારોની આવની મોસમ માટે નાણાં વાપરવા પડે વર્ષના અંતે બચત ન થતાં વ્યવહારો સચવાઈ જવાનો સુખદ અનુભવ મળી શકે છે. સટ્ટા-દલાલીના કામમાં આવક સારી થવાની શક્યતા રહે. કૌટુંબિક આવકનું સ્તર જળવાઈ રહેવા માટે ઈષ્ટની આરાધના નિયમિત કરતો રહેવું જરૂરી છે જેથી વિકટ પરિસ્થિતિ ઉભી ન થાય.

**કૌટુંબીક બાબતે :** ભ્રાતૃવર્ગનો સાથ સહકાર મળી રહે અને તેમની પ્રગતિ થતી જોઈ શકાશે. શરૂઆતના મહિનાઓમાં શારીરિક પીડા અને માનસિક કષ્ટોમાં ભ્રાતૃવર્ગની સાહનુભુતી મળી રહે છે. ત્યારબાદ માર્ચ મહિનાથી શારીરિક અને માનસિક બાબતોમાં રાહત મળતી થાય. કામમાં સફળતા અને યાત્રા પ્રવાસ પાછળ ખર્ચ કરવા પડે. છેતરપીંડી ગમન થકી વસ્તુ ગુમાવવાની પરિસ્થિતિ સર્જાય. સંતાનો અંગે પરિસ્થિતિ સંતોષકરાક જણાશે, આવક અને નવી નોકરી વ્યવસાય મેળવવામાં સફળતા મળી રહે. પગાર વધારો મળી રહે. સાહસ સટ્ટા જોખમી વેપાર અંગે નાણાં ઉભા કરી શકે છે. લગ્ન યોગ પણ શક્ય થાય. સંતાન અંગે પણ સકારાત્મક પરિણામ પ્રાપ્તકરી શકે છે. સ્થાવર જંગમ માંથી આવક થવાના યોગ બની રહે છે. વિદેશગમન અંગે પણ નિર્ણય લઈ શકે છે. તેઓની ધાર્મિક આસ્થા વિશીષ્ટ પ્રકારની જોવા મળે. મિત્ર વર્ગનું મહત્વ પ્રમાણમાં વધારે જોવાય. જીવનસીથી ભાગીદારના સ્વાસ્થ્ય અંગે વિચારવું જરૂરી રહે. છતા સાહસના કામમાં સફળતા મળતી જોવાય, તેમને લાંબી યાત્રા અથવાતો વિદેશ ગમનના પણ સારા યોગ થાય છતા માનસીક રીતે કંઈક ખુટતું હોવાનો અનુભવ રહ્યા કરે પીતા અને ભાત્રુવર્ગ પોતાનામાં વ્યસ્ત રહેતા જણાય. ભાતૃવર્ગને જોખમી વ્યાપાર વ્યવહારમાં નુકશાની આવી શકે. આપને કૌટુંબીક સ્થિતીની માનસીક અસર વધારે પ્રમાણમાં થતી જોવાય.

**સ્થાવર જંગમ અંગે :** રીનોવેટ-રીપેરીંગ અથવા સ્થાન ફેર કરવા માટે મારા નિર્ણય લેતા જણાય. જરૂરીયાતોને અનુરૂપ ખરીદી કરવી પડે ભાગીદાર-જીવનસાથી ઈન્ટીરીયર-રીનોવેશન અંગેના નિર્ણયો લઈ શકે છે. માતામો સંપત્તીમાંથી ઉપજ થઈ પરંતુ પૈત્રૃક સંપત્તીમાં વિવાદો ઉભા થઈ શકે છે. કિંમતીવસ્તુની ખરીદી ચકાસણી કર્યા પછી લેવી જરૂરી છે. એપ્રિલ મે માં ખરીદેલી વસ્તુ શુકનીયાળ પુરાવાર થઈ શકે છે.

**સંતાનો અંગે :** નવી પેઢી અને જુનવાણી વિચાર વચ્ચે સંતાનોના અહમ માટે માર્ગ આપવો પડે થોડો સમય રહેવા છતાં મનપર અસર કરી જાય. પ્રગતી કર્યાના આનંદ મળશે અને તેમની પ્રગતી વર્ષ દરમ્યાન સંતોષ મેળવી શકાશે છતાં એક પ્રકારનો રંજ માનસીક રીતે અનુભવાય.

**વિદ્યાર્થીઓ અંગે :** ગોચરના ગ્રહો માસ્તર મારેય નહિં અને ભણાવે પણ નહિં ની સ્થિતી રાખે છે. આત્મસુઝ અને મહેનત દ્વારા કક્ષાપાર કરી શકાશે. પરંતુ ટકાવારીમાં વધારા માટે જન્મના ગ્રહોપર વધારે આધાર રાખવો પડે.

**મહિલા અંગે :** વર્ષની શરૂઆતમાં વિચાર વાયુ અને શંકાકુશંકા અંગે માનસીક અને શારિરીક અપઢવનું પ્રમાણ વધારે રહેતુ જણાય. સ્નાયુઓ અંગેમા પ્રશ્ને વધારે ધ્યાન આપવુ પડે આર્થરાઈટી રીઝન એલ્બો વગેરે થકી પીડાથી બચવા ત્વરીત ઉપાય કરી લેવા જરૂરી થાય આહાર-વ્યવહાર મેહસ્થીતા નવધારે તે અંગે ધ્યાન રાખવું જરૂરી છે. ઋતુજન્ય તકલીફો લું લાગી શરદી થવી વગેરેથી ભરવા પ્રયત્નો કરવા જરૂરી છે, અન્યથા સ્વાસ્થ્ય સારૂ રહે. કામકાજમાં પ્રગતીકારક સમય રહે સ્થાનફેર-બદલી અંગે પણ અવકાશ રહે. વિદેશયાત્રા પણ શક્ય થાય. મોહજાળમાં ફસાતા બચવું જરૂરી રહે.

**વિશેષ વિગતો :** શરૂઆતના મહિના થોડી તકલીફ અને મુંઝવણ રહે. ત્યારબાદ પરિસ્થિતિમાં સુધારો આવતો જાય જીવનસાથી-ભાગીદાર સાથે મતભેદ રહ્યા કરે સંતાનોને રસ્તાઓ કરી આપવા પડે. ઋતુજન્ય બિમારીથી બચવા આહાર-વિહારમાં ફેરફાર કરતાં રહેવું જરૂરી થાય જુન જુલાઈ દરમ્યાન ગબન અથવા તો ચોરો થકી વસ્તુ ગુમાવવાનો પ્રસંગ ઉદ્ભવે સંતાનો સાથેના સંબંધોમાં રૂધારા તરફી વાતાવરણ રહેતું ગણાય, ગોચર અમે જન્મના ગ્રહો સુચીત અજાણ્યા અને અચાનક લાભ આપી જાય. લાલચ લોભ પ્રલોભનમાં ફસાવાથી લાંબા ગાળા સુધી નાણાં રોકાણ થઈ શકે છે.

## સિંહ (મ,ટ)

**સ્વાસ્થ્ય બાબતે :** ડિસેમ્બર મહિના સુધી આત્મબળ પર ટકી રહેતા ગ્રહો સહાયક રહેતા જણાય છે. ૧૫ ડિસેમ્બરથી જાન્યુઆરી અંત સમય સુધી અશક્તિનો અનુભવ થાય. માર્ચ મહિનામાં શારિરીક ગડબડ થવાના અનુભવ થઈ શકે છે. સમયગાળામાં સ્વાસ્થ્ય સાચવવું જુન-જુલાઈ-ઓગષ્ટ દરમ્યાન ફરી સ્વાસ્થ્ય અંગે કાળજી લેવી જરૂરી થાય ખાસ કરીને હૃદય અને રૂઘીરાભીષ્ણની તકલીફોથી ખાસ સાચવવું જુન-જુલાઈ દરમ્યાન કોઈની બદનક્ષીના પ્રયાસ થકી આપના સ્વાસ્થ્ય અને સાચવવું જરૂરી થાય સપ્ટેમ્બર-ઓક્ટોબર દરમ્યાન આંખના ઓપરેશન અંગેના નિર્ણય મોકુફ રાખવો જરૂરી છે. સંપૂર્ણ વર્ષ સ્વાસ્થ્ય અંગે

# વાર્ષિક રાશી ભવિષ્ય - સંવત વર્ષ ૨૦૭૫, જ્યોતિષ : પ્રકાશ જોષી - મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧

સાચવવું અત્યંત જરૂરી છે.

**આર્થીક બાબતો :** આવકનો મોટો ભાગ ખર્ચ ખાતે ઉધારવો પડે વ્યવસાય અંગે વારંવાર પ્રવાસ કરવા પડે ગ્રહકાર્ય અંગેના ખર્ચ જાન્યુઆરી સુધી વધારે રહેતાં જણાય નવેમ્બર-ડિસેમ્બરમાં ઘરના પ્રશ્નોના ઉકેલ કુટ પ્રશ્નો ઉકેલવા બરાબર લાગે. ૨૦૧૯ નવાવર્ષથી પરિસ્થિતિ સુધારા પર આવતી જાય. કામકાજમાં સફળતા મળે માર્ચના મધ્ય સુધી નાણાના આયોજનો અને મિત્રોની સહાય થકી રાહત મળી રહે. જૂન-જુલાઈ-ઓગષ્ટ માસ દરમ્યાન આવક સારી રહેતા પ્રગતી જણાય અન્ય સ્થળે જઈ વ્યવસાય સ્થળાંતરનો પણ યોગ શક્ય છે. જૂન-જુલાઈ દરમ્યાન કોઈ બદનામી આવી ન જાય તે અંગે વ્યવહારો પર ચાપતી નજર રાખવી જરૂરી છે. કોઈ કાંડમાં કોભાંડમાં નાણાંકીય ગડબડ ન થાય તે અંગે ખૂબ જ સાવચેતી જરૂરી થાય છે. આવક પ્રમાણેના ખર્ચાઓ રહેતા બચત થ વી શક્ય જણાતી નથી પરંતુ કૌભાંડમાં સંડોવાતા નાણાં વહી ન જાય તે અંગે સાવધ રહેવું અત્યંત જરૂરી છે.

**કૌટુંબીક બાબતે :** સભ્યો સ્વાર્થ દર્શાવતા જણાય અવર જવર વધારે રહેતી જણાય. ભ્રાતૃવર્ગના સ્થાસ્થ્ય સારા રહેતા ખર્ચ ઓછે જણાય. ભ્રાતૃવર્ગના ભણતર અંગે સંભાળ લેવી પડે. તેમના પ્રસંગ અંગે નાણાં વાપરવા પડે જુનથી સપ્ટેમ્બર માસ દરમ્યાન કાવાદાવા-કરણી-માંત્રીક-તાંત્રીક અસરો સંબંધમાં કપાત અથવા તો ઉલસ્મામાં ઘટાડો લાવી શકે છે. સંતાનોના અભ્યાસ અંગે ધ્યાન આપવું પડે ભાગીદાર જીવનસાથી સાહસ સટ્ટા તરફ વધારે આકર્ષાતા જણાય છે. પિતા પોતાનું ધાર્યુ કરવા કોશીશો કર્યા કરે. પ્રવૃત્તી અંગે ગુપ્તતા વધારે રાખતા જણાય કુટુંબમાં ભરેલા અગ્નિ જેવો માહોલ અંદરખાને રહે અને બહાર વર્તાવાની શક્યતા ઓછી રહે છે..

**સ્થાવર જંગમ :** જંગમ બાબતે સુધારા વધારા અંગેના નિર્ણયો જીવનસાથી ભાગીદાર પર વધારે નિર્ભર રહેતા જણાય. છતા સમારકામ-રિનોવેશન અને ઈન્ટીરીયર જુનથી ઓગષ્ટ મહિના સુધી ટાળવું જરૂરી છે. મિલ્કતમાંથી આવક ઉભી કરવી શક્ય થાય કિંમતી વસ્તુની ખરીદીમાં ખાત્રી અને ચોકસાઈ પૂર્વક વિશ્વાસ પાત્ર સાથે વ્યવહાર કરવાથી છેતરામણી માંથી બચવું અત્યંત જરૂરી છે. જુની સ્થાવર વેંચી નવી લેવા અંગે શક્યતા રહે. માર્ચ મહિના સુધીનો ખત-પત્રો-દસ્તાવેજોની ચોકસાઈ કરી લેવી જરૂરી છે.

**સંતાનો અંગે :** માર્ચ મહિના હાજ મિસકરેજ અથવા અન્ય પ્રશ્નો થ કી સંભાળવું જરૂરી છે. સ્વાસ્થ્ય અંગે આરામની વધારે જરૂરત રહે. સંતાનોની ટકાવારી વધારવા તેમની પર ધ્યાન આપવું જોઈએ છે. લગ્ન થવા શક્ય છે. બદલી-બઢતી-વિદેશગમનની શક્યતા રહે. અન્યસ્થળે સંપત્તી-ઘર લઈ શક્યતા રહે અન્ય સ્થળે સંપત્તી-ઘર લઈ શકાય માર્ચ મહિનાથી વૈચારીક ફેરફાર આવતા વધારે જણાય.

**વિદ્યાર્થીઓ અંગે :** મહેનતનું પ્રમાણ સતત અને એકધારૂ જાળવી રાખવું જરૂરી છે. માર્ચ મહિના બાદ કોઈને કોઈ કારણ સર જન્મના ગ્રહો સાથ આપવાની હોયનો ભણતરનું સ્થાન બદલાવું પડે અથવા અન્ય સ્થળે જવું પડે તેવી શક્યતા રહે માર્ચથી મે મહિના દરમ્યાન સારૂ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. ઉચ્ચ અભ્યાસુઓ માટે મે-જુન સફળતા અપાવનાર જણાય ઉચ્ચ અભ્યાસ અંગે વિદેશગમન પણ થઈ શકશે. ઈષ્ટની ઉપાસના માર્ચ મહિના સુધી કરવી જરૂરી છે. વિશ્વાસઘાત અને અન્યોની નકારાત્મક સલાહોથી બચવું જરૂરી છે.

**મહિલાઓ બાબતે :** સ્વાસ્થ્ય અંગે કાળજી લેવી જરૂરી છે. કાંઈને કોઈ પરેશાનીનો સામનો માર્ચ મહિના સુધી કરતા રહેવું પડે. મુંઝાવતા પ્રશ્નોના નિરાકરણ માર્ચ મહિના બાદ મળી રહેતા રાહતના અનુભવ જણાય. સફળતા મળવા છતાં કામકર્યાના સંતોષની ઉણપ જણાય ગંભીર બિમારીમાં હોવા છતા સ્વાસ્થ્યની જાળવણી કરવી અત્યંત જરૂરી છે. ઘરેલું આવક સારી રહેતા ચિંતાનું પ્રમાણે આછું રહે. અભ્યાસમાં માર્ચ મહિના બાદ સારી સફળતા મેળવી શકાશે. માર્ચ મહિના બાદ શેર-સટ્ટા-લોટરી વાયદામાં ગણતરીપૂર્વક આગળ વધવું હિતકર પુરાવાર થાય જીવનસાથી પ્રિય પાત્ર પોતાના સ્વાર્થ સાધવા વધારે તત્તપર રહેતા જણાય. અંધ વિશ્વાસ કરવો તકલીફ ઉભી કરી શકે છે. સત્ય હકીકત છુપાવતા વ્યક્તિથી ત્વરીત અગમચેતી વાપરવી અત્યંત જરૂરી છે. ઈષ્ટની આરાધના થકી સ્વસ્થતા જાળવવા પ્રયાસ સહાય ભૂત થઈ શકાશે.

**વિશેષ વિગતો :** કસોટીઓના સમયે સ્વસ્થતા જાળવવાથી અત્યંત જરૂરી છે. અહમના ટકરાવની સ્થિતિ ટાળવી જરૂરી છે. જાન્યુઆરી મહિના બાદ આર્થિક સ્થિતિ સુધારા પર રહેતી જણાય. આવકનો મોટાભાગ ઘરના ખર્ચાઓમાં વપરાય જઈ શકે છે. બચત નહીંવત રહેતી જણાય. મે-જુન માસ દરમ્યાન ખોટાસાહસ-સટ્ટા-કમીશન વગેરેના કામથકી દૂર રહેવું અત્યંત જરૂરી છે. જુલાઈ-ઓગષ્ટ દરમ્યાન વાપરતા એલ્જીક બીમારી અંગે સાચવવું અત્યંત જરૂરી છે. ઓગષ્ટની શરૂવાતના અઠવાડીયામાં સામુહીક પ્રવાસનું આયોજન ટાળવું અત્યંત જરૂરી છે. ઓગષ્ટ મહિના માંજ કામ અને સફળતા અંગેનો સંતોષ મેળવી શકો છે. મે-જુન માસ દરમ્યાન ખોટા સાહસ-સટ્ટા -વાયદા-વ્યવહારથી દૂર રહેવું હિતકર પૂરવાર થાય અન્યથા બદનામી-બદનાક્ષી-આરોપ થકી દૂર રહેવા પ્રયત્નોમાં સહાયક પુરવાર થાય સામાન્ય વ્યવહારો જાળવવા જાન્યુઆરી બાદ ગ્રહોના સાથ સહકાર મળી રહેતો જણાય છે.

## કન્યા (પ,ઠ,ણ)

**આરોગ્ય બાબતે :** વિચાર વમળ અને વિચારવાયુની પરેશાની વધારે રહે અને સ્વાસ્થ્ય અંગેના પ્રશ્નો ઉપસ્થિત કરી શકે છે. દોડા-દોડી વધારે રદ અને મહેનતનું પ્રમાણ વધારે રાખવું પડેય હિતશત્રુઓનું પ્રમાણ માર્ચથી જુલાઈ દરમ્યાન વધારે રહે. આ સમયમાં માત્રીક-તાંત્રીક-ઉપરની વસ્તુ વગેરેથી સંભાળવું અત્યંત જરૂરી રહે. હોળીથી-દીવાળી સુધી વધારે પ્રમાણમાં અસરો થતી જોવાય. કવચ કુંડળ અને અન્ય વસ્તુ ધ્વારા સ્વબચાવના પ્રયત્નો કરવા જરૂરી રહે મોટી માંદગી જણાતી નથી ઈષ્ટની સાધના કરીલેવી જેથી તકલીફો ઓછી થાય.

**આર્થીક બાબતો :** આર્થિક સ્થિતિ એકંદરે સારી રહે ચોપડે જમા ન કરી શકાય તેની અને વધારાની આવકો થતી રહે યશ-માન પ્રતિષ્ઠા મળતી રહે બદલી સાથે બઢતી મળવામાં માર્ચ એપ્રીલમાં શક્યતા જણાય જાન્યુઆરી સુધી નાણાં મળતા રહે અને વ્યવહારો ચાલ્યા કરે. અતિથીની આગતા સ્વાગતા માટે પણ ખર્ચ કરવા પડે. સાહસ-સટ્ટામાં રોકાણો વધી શકે છે. આનંદ પ્રમોદ માટે પૈસા ખર્ચવા પડે. માર્ચ મહિના દરમ્યાન ઉઘરાણી અને આવતા નાણાં દ્વારા બીજા વ્યક્તિઓ પોતાની જરૂરીયાત પાસેના જણાય. ભાગીદાર અને જીવનસાથીની જરૂરીયાતો અને માંગણી સંતોષવા માટે ખર્ચ થાય. જુન મહિના સુધી અધિક ખર્ચાઓ રહ્યા કરે. જુલાઈ મહિનામાં સારો લાભ મળી રહે. સંતાનો અંગેના ખર્ચાઓ ઉભા થાય. આવક વધારવાના પ્રયાસો સફળ થાય. કૌટુંબિક સભ્યોની આવકમાં અચાનક ઉતાર ચડાવનો અનુભવ થાય. મિત્રાની પ્રવૃત્તિઓ ખોટા આશ્વસનો થકી અનુભુતી થાય. ધનન પર પણ પ્રશ્નો ઉભા થાય છતાં વ્યવહાર જળવાઈ રહે અને આવક જળવાઈ રહે વધારે પડતા આયોજનોના વિચારો અસુખીયા રહેવા ફરજ પાડે.

**કૌટુંબીક બાબતે :** દરેક સભ્યો પોતપોતાની સફળતા અને આવકની વૃધ્ધિનો આનંદ પ્રાપ્ત કરતા રહે. ભ્રાતવર્ગ જાહેરજીવનનો આનંદ લેતા જેવાય. અભ્યાસ અંગેની સફળતા પ્રાપ્ત કરતા જણાય. જીવનસાથી-ભાગીદાર વગેરેમાં સફળતા મળી શકે છે. સ્થાવર અંગેના નિર્ણય લઈ શકશે. માર્ચ મહિનાથી ધાર્મિકતામાં પણ વૃધ્ધિ થતી રહે. માતા પોતાના વિચારોમાં વધારે પરોવાયેલા રહે. વૃત્તિઓ અકળ જણાય. સંતાનો બાબતે માર્ચ મહિના બાદ શક્ય થાય. સંતાનો અન્ય લોકો દ્વારા પરેશાનીનો અનુભવ કરતા જોવા મળે. જીવનસાથી અંગેના પ્રશ્નો એકંદરે સારૂં સ્વાસ્થ્ય અને આવક થકી ઓછા રહે. જીવનસાથીનું મિત્ર વર્તુળ સંકોચાયેલું રહે અથવા સંબંધો ઓછા થાય. તેમના કાર્યો સમજણ વિચારપુર્વકના થાય રોકાણ કરતા રહેવાથી નાણાં ઓછા જણાય વિદેશ ગમનની પણ શક્યતા રહે છે પિતાની તબીયત ઉંમરની કારણે અથવા અન્ય કારણો સર નરમ-ગરમ થયા કરે-તેમના વિચારો અને વાણી સમજાવી મુશ્કેલ કે અકળ જણાય મારી મહિના દરમ્યાન તેમને રોકાણ ફસાઈ જવા અથવા ખોટા થયાનો અનુભવ માર્ચ એપ્રીલ મહિના દરમ્યાન ન થાય તેનું ધ્યાન રાખવું જરૂરી રહે.

**સ્થાવર જંગમ :** જુની સંપતીને નવો ઓપ આપવો માર્ચ મહિના બાદ શક્ય થાય છે. ઘણા પ્રયત્નો કરવા પછી જુની મીલ્કતની ખરીદી શક્ય થાય નવી મળતાની શક્યતા નહિંવત રહે છે. માનસીક ગડમથળ માંથી બહાર નકળવાનો આનંદ પ્રાપ્ત કરી શકશે. આર્થીક-સામાજીક-રાજકીય પ્રતિષ્ઠામાં વધારો થવા માટે નિર્ણયો લેવા જરૂરી થાય. પોતાનું ઘર હોવું એક પ્રતિષ્ઠા અને મોભો ગણી શકાય. છતાંપણ ખરીદી કરતાં પહેલા ભૂમી પરીક્ષણ અમે દસ્તાનેજી પ્રશ્નોની ચકાસણી કરવી જરૂરી રહે. વર્ષના કોઈપણ સમય માટે અતિ આવશ્યક રહે. જાન્યુઆરીથી મે સુધી કિંમતી વસ્તુ ખરીદવા માટે સારો ગણી શકાય ઓગસ્ટ-સપ્ટેમ્બર મહીના દરમ્યાન છેતરાવવાથી દુર રહેવું જરૂરી છે.

**સંતાનો અંગે :** સંતાન પ્રાપ્તી અંગેની ઈચ્છા માર્ચ મહિના બાદ પૂર્ણ થઈ રહે છે. સંતાનોની કાળજી માર્ચ મહિના સુધી વધારે લેવી પડે સંતાનો હોસ્ટેલ અને અન્ય સ્થળે રહેવાનું પસંદ કરતાં જોવા મળે સારા પરિણામ માટે વધારે મહેનત કરતાં જણાય વ્યવસાય ક્ષેત્રે પણ સફળતા મળે નોકરી મળી શકે છે. બદલ-બઢતી મળી શકે છે. વિદ્દેશ ગમન થવું પણ શક્ય થાય સંપત્તિમાંથી આવક કરી શકાશે. જીવનસાથી મળવાની પણ શક્ય થાય. સંપત્તિમાંથી અવક કરી શકશે. જીવનસાથી મળવાની પણ શરયતા રહે છે. કામકાજની પદ્ધતી સુધરતી જણાય.

**વિદ્યાર્થીઓ અંગે :** પુરતી સમજ અને મહેનત ધ્વારા ધાર્યુ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. કુદરત અને ગોચર પોતાની ત્વસીર પ્રમાણે જન્મ સમયમાં દૈવી સહાય અથવાતો કોપના કારણે અપેક્ષા કરતા ઓછુ વધુ પરિણામ આપી શકે છે. સારુ પરિણામ પ્રાપ્ત કરવા મહેનત કરીલેવી વધારે ઓછું સારુ ખરાબ પરિણામ જન્મ સમયના ગ્રહો પર નિર્ભર કરનાર થાય છે. પરિણામ અનુભવ બની શકે છે. ઉત્તરામાં છુટી જવા કરતાં જેડલું વધારે પ્રશ્નોને અનુરૂપ ઉત્તરો આપવાના પ્રયાસો સારુ પરિણામ મેળવવા મદ્દગાર થાય અન્યોની સહાય કરતાં સ્વપ્રયત્ન પર વધારે ધ્યાન આપવું.

**મહિલા અંગે :** ફીકર અને વિચાર વાયુ પરેશાન કર્યા કરે તથા માનસીક શાંતી રહેવા ન દે. માન-પ્રતિષ્ઠા-યશ મળી શકે છે. ગોચરના ગ્રહો કાર્યમાં સરળતા લાવતા જાય સ્નાયુઓ અને હાડકાને લગતા પ્રશ્ને બેદરકારી ટાળવી જરૂરી રહે. તેજો ધ્વેશ આપવા તો ઈર્ષાને કારણે માંત્રીક-તાંત્રીક મેળ વિધ્ધાના પ્રયોગોથી સાવદ્દા રહેવું અથવા અસર ન થાય તે અંગે ઉપાય કરી લેવાથી અસર નાબુદ કરવા પ્રયત્નો કરી લેવા. ઘરેલું અને અન્ય અંતરાય ભરી સ્થિતી માથી પણ માર્ગ નિકળી જશે. ઘરના દરેક સભ્યો પોતપોતાની પરિસ્થિતિ અનુકુળ કરવામાં વ્યસ્ત રહેતા જણાશે. યાત્ર-પ્રવાસ-જાત્રા અને લાંબા વિદ્દેશ પ્રવાસની શક્યતા થઈ શકે છે. થઈ શકેતો કષ્ટ-પીડા દૂર કરનારા ઈષ્ટો કષ્ટભંજનની આરાધના કરવી જરૂરી થાય.

**વિશેષ વિગતો :** માનસીક પરિતાપ અને વધારે પડતી અપેક્ષા માનસીક મુંઝવણોમાં રાખે ઘરેલું વાતાવરણને થાળે પાડવા વધારે ધ્યાન અને સમય આપવા પડે. સહાસ-સટ્ટા, વાયદા-આંધળા સાહસમાં પુરતી ગણતરી અને સ્ટોપલોની ગણતરી આરોપી આગળ વધવું હિતકર પુરવાર થાય વર્ષના અંત સમયે રોકાયેલા નાણાંમાંથી આવક ઉભી થઈ શકે છે. આરંભ કરતા અંત વધારે આનંદ દાયક રહે.

## તુલા (ર,ત)

**સ્વાસ્થ્ય બાબતે :** પૂરતો આરામ, સમતોલ આહાર, નિયમીતતા સ્વાસ્થ્ય બાબતે સ્વસ્થ્ય રહેવા અંગે જરૂરી છે. પિત્તવાયુ-કફ (ત્રીદોષ)ની અસર સામાન્ય આરોગ્ય બગાડી ન જાય તે અંગે સાવધ રહેવું અત્યંત જરૂરી છે. ડિસેમ્બરથી ફેબ્રુઆરી પૂર્ણ તાજગીનો અનુભવ લઈ શકાશે. જૂન-જુલાઈમાં શારિરીક સ્વાસ્થ્ય અંગે ઈન્ફેક્શન-એલર્જીઅંગે સાવધ રહેવું જરૂરી રહે. વર્ષના અંતે જંક ફૂડ અને અન્ય અનારોગ્યપ્રદ ખાણી-પીણીથી દૂર રહેવું અત્યંત જરૂરી છે.

**આર્થીક બાબતો :** આવક અંગેના પ્રશ્નો માર્ચ મહિના સુધી રહેતા જણાય. કામકાજમાં ધીમી પ્રગતી અન્યોથી ઉપર આધાર પ્રશ્નો ઉભા કરી જાય તે અંગે ચોક્સતા લાવવી જરૂરી રહે છે. ડિસેમ્બર મહિના સુધી દોડાદોડીનું પ્રમાણ વધારે રહેતું જણાય કામકાજોમાં કંઈને કંઈ

# વાર્ષિક રાશી ભવિષ્ય - સંવત વર્ષ ૨૦૭૫, જ્યોતિષ : પ્રકાશ જોષી - મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧

ત્રૃટીને હિસાબે રૂકાવટોનો સામનો કરતાં રહેવુ પડે. ભાગીદારી-સહયોગ-સહીયારા કામકાજો અંગે અચોક્કસતાથી નુકશાન ન થાય તે અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી થાય માર્ચ મહિનાથી કામકાજો પાટે ચટતા જણાય અને આવકમાં પણ વધારો થઈ શકે છે. એપ્રીલ-મે મહિનાઓ દરમ્યાન ખર્ચનું પ્રમાણ વધારે રહેવાથી બચતને અવકાશ ન રહે મે-જુન દરમ્યાન આવકનો ઉપયોગ સમજપૂર્વક કરી શકો તો બચત થવી શક્ય થાય જુલાઈ-ઓગષ્ટમાં આવક માંથી બચત કરવી શક્ય થાય. સહાસ-સટ્ટા-વાયદામાં તારવણી દ્વારા નાણાં ઘરભેગા કરવા હિતકર પુરવાર થાય. ઓગષ્ટ-સપ્ટેમ્બર માસ દરમ્યાન જરૂરીયાત અને ખપતની વસ્તુ અંગે ખર્ચાઓનું પ્રમાણ વધારે જણાય નોકરીયાત અને પ્રોફેશનલોને કામકાજની બદલીમાં ઈનામ મળી શકે છે. પણ પગાર અને પદની ઉન્નતી માટે રાહ જોવી પડે. સંતાનો પાછળ વધારે ખર્ચ કરવો પડે . સંબંધો સાચવવા અંગે વ્યાવહારિક સાવધાની પૂર્વક કરવા જરૂરી છે. ખોટા ખર્ચાઓ વધારે ન થાય તે અંગે જોવુ અને સાવધાની રાખવી અત્યંત જરૂરી છે.

**કૌટુંબીક બાબતે :** સભ્યોને અહમ વધારે પ્રમાણમાં જોવાય ભાતૃવર્ગના સ્વાસ્થ્ય અંગે સંભાળ લેવી પડે અનુજોનુ વર્તન માર્ચ મહિનાથી ગુઢ થતું જાય. અકળ રહેતું જણાય તેમના ભણતરમાં ધારી સફળતા જન્મ સમયના ગ્રહો પર રહે. માર્ચ મહિના બાદ સંસારીક બંધનોમાં વધારો થઈ શકે છે. ભ્રાતૃવર્ગને પરદેશગમનના યોગ થઈ શકે છે. માના સ્વાસ્થ્ય અને વિશ્વાસના પ્રશ્નોમાં ગુચાયેલા રહેતા જણાય. એપ્રીલ મહિના સુધી માતાના સ્વાસ્થ્ય અંગે શસ્ત્રક્રીયા કરાવી શકાય સંતાનોના સાહસ વધારે પ્રમાણમાં જોવા મળે છે. સ્વાસ્થ્ય અંગે ડિસેમ્બર સુધી પ્રશ્નો રહ્યાં કરે. પદોન્નતી અને ટકાવારીમાં વધારો થઈ શકે છે. પ્રગતી જણાય. જીવન સાથી ના વર્તનમાં માર્ચ મહિનાથી ફેરફાર આવતા જણાય પ્રગતીની શક્યતા ઓછી હોવા છતાં આવકમાં સ્થિરતા જળવાઈ રહે. ડિસેમ્બર મહિના સુધી મિત્રો તરફ વધારે પ્રમાણમાં લક્ષ રહેતું જણાય. પિતાનો સ્વભાવ ઉગ્રતાવાળો વધારે રહેતો જણાય. પ્રવૃતી ના આશયો અકળ રહેતા જણાય પિતાને ભાગ્યનો પૂર્ણ સાથ મળતો જણાય ધાર્મિક યાત્રા પ્રવાસ થતો જોવાય છે. તેઓ સંપત્તીમાં ફેરફાર અંગે વિચારી શકે છે. ભાતૃવર્ગ આંધળા સાહાસમાં નુકશાની કરી શકે છે. સામાજીક પ્રશ્નોના ઉકેલ અંગે આપણે માર્ગ કાઢવા પડતા જોવાય.

**સ્થાવર જંગમ :** ખરીદ કરતા વેચવા પક વધારે ધ્યાન કેન્દ્રીત થતું જણાય. નવી સ્થાવર વસાવવા અંગે ખાસ ધ્યાન રાખવુ પણ અત્યંત જરૂરી થાય છે. મોકફ રાખવું હિતકારી રહે. કિંમતી વસ્તુ વસાવવી હોયતો વસાવી શકાય ડિસેમ્બરના અંત સુધી સારી વસ્તુ મળી શકે છે. ફેબ્રુઆરી અંત ભાગ પણ સારો ગણી શકાય ગમતી વ્યક્તિઓને ગમી જાય તેવી વસ્તુ માર્ચ એપ્રીલમાં ખરીદી શકાય તેમ છે. એપ્રીલ-મે મહિનામાં જીવનસાથી/ભાગીદારને પસંદ પડે તેવી વસ્તુ મેળવી શકાય તેમ છે. જુલાઈ ઓગષ્ટમાં કિંમતી ઘાતુ અને વસ્તુમાં બનીવટ થઈ શકે છે. ખાત્રી અને ચોકસાઈ કરી વસાવવી અત્યંત જરૂરી છે. ત્યાર બાદ વર્ષાન્તે ખરીદી શકાય છે. ઓગષ્ટ-સપ્ટેમ્બર દરમ્યાન ખરીદી ખાતર ખરીદી કરવી જેવો ઘાટ થાય.

**સંતાનો અંગે :** સ્વાસ્થ્ય અંગે વાયરલ-એર્લજીક સંબંધી ખાસ ધ્યાન રાખવુ અત્યંત જરૂરી થાય સ્વપ્રયત્ને આગળ આવવા તેમને સાથ સહકાર મળી રહે છે. અભ્યાસ અંગે સારૂ પરિણામ પ્રાપ્ત કરી શકશે મહેનત પ્રમાણે ફળ મળી રહે છે. તેમજ પ્રગતી તમને સંતોષ આપી શકે છે, સાહસીકવૃત્તી સંબંધોમાં ઘટાડો કરી શકે છે. સંપત્તીના રોકાણો થોડા સમય બાદ ફળી ભૂત થઈ શકે છે. પરદેશ ગમન અંગે ધીરજથી આગળ વધતું જરૂરી થાય છે. કુદરત તેમને સહાયકર્તા રહેતી જણાય છે.

**વિદ્યાર્થીઓ અંગે :** મહેનતના સારા ફળ મેળવી શકે તેમ છે સાથી-સહપાઠી થકી વધારે ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. આળસ પરિણામ પર અસર ન કરી જાય તે અંગે સાવધ રહેવું જરૂરી છે. ઈષ્ટની સાધના સફળતામાં સહાયભૂત થાય છે.

**મહિલાઓ બાબતે :** સ્વાસ્થ્ય અને સ્ફૂર્તિ સારી રહે સહયોગમાં કામ કરવું હિતકર રહે. સ્વાસ્થ્ય બાબતે આહાર-વિહાર પર પૂરતું ધ્યાન રાખવું જરૂરી થાય છે. સીઝનલ-વાયરલ-એર્લજીક બીમારી તરફ દુર્લક્ષ સ્વાસ્થ્ય બગાડી શકે છે. સાવધાની નિયમીતતા રાખવી જરૂરી છે. કુદરતી મદદ મળી રહેવાના યોગ થાય છે.

**વિશેષ વિગતો :** ગ્રહો ખાસ પરિસ્થિતિ અને મુશ્કેલી ઉભી કરતા નથી. માતાના સ્વાસ્થ્ય અંગે ડિસેમ્બર મહિના સુધી ખાસ ધ્યાન રાખવુ અત્યંત જરૂરી રહે. જાન્યુઆરી માસમાં નાણાકીય તકલીફો અંગે સાવધ રહેવુ ઉછીના નાણાં તકલીફો ઉભી કરે અને સંબંધો બગડવા અંગે કારણભૂત થઈ શકે છે. સ્થાવર અંગે ખરીદી થઈ શકે તો ટાળવી અત્યંત જરૂરી છે. બનાવટ-છેતરામણી-ફસામણી અંગે મે-જૂન-જુલાઈ દરમ્યાન સાવધ બની વ્યવહાર કરવા અત્યંત જરૂરી છે. આ સમય દરમ્યાન પિતાની તબીયત અંગેના પ્રશ્નો કાળજી લઈ પરિસ્થિતિ સુધારવા પ્રયત્નો કરવા જરૂરી છે. યાત્રા-જાત્રા-પ્રવાસ અંગના પ્રસંગો ઉપસ્થિત થાય છે સંબંધોમાં ખટાશ ન આવે અથવા તો તૂટી ન જાય તે અંગે સાવધ રહેવુ અત્યંત જરૂરી છે. ભાગીદારી જેવા સંબંધોમાં ખાસ સાચવવા તરફ વધારે પ્રમાણમાં વૃત્તી જોવાય નાના-મોટા રાજકારણો અંગે ઘરેલુ વાતાવરણ ડહોળાતુ અટકાવવુ જરૂરી થાય છે.

### વૃશ્ચિક (ન,ય)

**સ્વાસ્થ્ય બાબતે :** માર્ચ મહિના સુધી આરોગ્ય સારૂ રહે છે. ત્યારબાદ માનસીક મુંજવણ મે મહિના સુધી રહેતી જણાય છે. વાયરલ/એર્લજીક તકલીફો ઋતુ પરિવર્તન પડી ઓગષ્ટ મહિના સુધી સંભાળ લેવાનુ સુચવી જાય છે. ત્યાર બાદ એકંદરે સ્વાસ્થ્ય સારૂ રહે. માર્ચ મહિનામાં માંત્રીક-તાંત્રીક થકી મુશ્કેલી આવવાની શક્ય થાય છે. કામની તકલીફોમાં જૂન-જુલાઈ દરમ્યાન સંભાળવુ જરૂરી છે. માંત્રીક-તાંત્રીક અને સપ્ટેમ્બર મહિના સુધી સાચવવુ અત્યંત જરૂરી છે. છતાં જન્મના ગ્રહો સારા હોય તો ગભરાવવાની જરૂર નથી.

**આર્થીક બાબતો :** આર્થિક તકલીફ રહેતી નથી. માર્ચ મહિનાથી ઓચીંતી આવકમાં અફડા-તફડી ઘટાડો થઈ શકે છે. ડિસેમ્બર મહિનાથી કામ કરો તેનું વળતર મળી રહે તથા વધારાની આવક અંગે વિચારી શકો છો. ફેબ્રુઆરીમાં રોકાયેલા નાણાં પરત થતા રાહતનો અનુભવ થઈ શકે છે. મથક-દેશાવર-વિદેશ વ્યવહારથી આવક થાય માર્ચ-એપ્રીલ માસમાં સાહસ-સટ્ટા-વાયદા અંગેની કમાણી થવી શક્ય છે. પણ ખર્ચમાં વપરાઈ થઈ શકે છે. એપ્રીલ-મે દરમ્યાન ભાગીદારોના સંદર્ભે ફાયદો મળી શકે છે. માર્ચ મહિનામાં કામકાજ/નોકરીના સ્થાન પર માંત્રીક-તાંત્રીક પ્રયોગ થઈ શકે છે. માર્ચ-એપ્રીલમાં સહાસ સટ્ટા તરફ વધારે આકર્ષણ રહેતું જણાય જૂન-જુલાઈ મહિનો અનુભવ કરાવી જાય. સરકારી તકલીફો સમજી વિચારી દૂર કરવા પ્રયત્નો કરવા જરૂરી છે. સ્વાસ્થ્ય અંગેના પ્રશ્નો ઉભા થઈ શકે છે. ઓગષ્ટ દરમ્યાન ધંધા-વ્યવસાય નોકરીમાં યશ-માન-પ્રતિષ્ઠા મળી શકે છે. સંપત્તી માંથી આવક ઉભી થવા માટે માર્ચ-એપ્રીલ સારા પરિણામ આપનાર થાય. શેર-સટ્ટા-લોટરી તરફ વધારે પ્રમાણમાં આકર્ષણ થતુ જોવાય. જન્મના ગ્રહો પર વિશેષ આધાર રહે છે.

**કૌટુંબીક બાબતે :** સભ્યોની નિર્ણય શક્તિનો અભાવ કૌટુંબીક સંબંધોપર અસર કરતા પુરાવાર થાય છે. ભાતૃવર્ગના સ્વાસ્થ્ય અંગે પ્રશ્નો ઉપસ્થિત થઈ શકે છે. ભાતૃવર્ગને ભણતર અંગે તકલીફ જણાતી નથી છતા પણ અણધાર્યા પરિણામ અંગે તૈયારી રાખવી પડે. અલગ થવાની શક્યતા ઓછી રહે. સંપત્તીમાં ફેરફાર થવાની શક્યતા ઓછી રહે. સંતાનો તરફ લાગણીનુ પ્રમાણ વધારે રહેતુ જણાય. સંતાનોના ભાગ્યનો સાથ સારો જામી રહેતો તેમ છે. માંત્રીક-તાંત્રીક અસરો સંતાનોને પણ અસર કરી શકે છે. જન્મના ગ્રહો પર વધારે આધાર રહે છે. ઉપાયો કરી લેવા જરૂરી છે. સાહસ-સટ્ટા અંગે સંતાનોને દૂર રાખવા હિતકારી રહે. કૌટુંબીક ભાવના જળવાઈ રહે તે અંગે વ્યવહારો અને વર્તનો પર નિયંત્રણ રાખુ જરૂરી છે.

**સ્થાવર જંગમ :** નિર્ણયો/આવક ઉભી થઈ શકે છે. માર્ચથી-સપ્ટેમ્બર દરમ્યાન જમીન-પ્લોટ-રહેણાક-ઓફીસ ખરીદવા માટે ભૂમી પરિક્ષણ પછી જ આગળ વધવુ અત્યંત જરૂરી છે. ખત-પત્રો વગેરે દસ્તાવેજો પણ તપાસી નેજ ખાત્રી કરી લેવી. ઝર-ઝવેરાત ખરીદ કરવુ શક્ય થાય છે. જાન્યુઆરીથી મે-જૂન સુધી સારો ગણી શકાય. આનંદપૂર્વક સમય પસાર કરવા માટે સંપત્તી બાબતે સમય સારો ગણી શકાય છે. તેનો આનંદ લઈ લેવો.

**સંતાનો અંગે :** નવાંગતુકની શક્યતા થાય હોય તેમનુ સ્વાસ્થ્ય સારૂ રહેતુ જણાય. સંતાનોની મેદસ્વીતા અંગે સંભાળ લેવી પડે. અભ્યાસ અંગે પણ સંભાળ રાખવી અત્યંત જરૂરી છે. વ્યાવસાયમાં હોય તેમને બદલી બઢતી મળી શકે છે. માર્ચ મહિના વાદ તેમને સમજવા અકળ રહે. સહાસ સટ્ટામાં હોય તે યોગ્ય સમયે તારવણી કરાવી નફો ઘર ભેગો કરાવી લેવો હિતકર રહે. લગ્ન યોગ થઈ શકે છે. મે-જૂન-જુલાઈ દરમ્યાન જગ્યા અંગેની તકલીફો થકી સાવધ રહેવુ જરૂરી રહે.

**વિદ્યાર્થીઓ અંગે :** કુદરતી મદદ તોજ મળી શકે જો મહેનત કરવી શક્ય હોય હતાશા-નિરાશા-આળસ છોડી મહેનત કરવાથી સફળતા મળી શકે છે. તથા ટકાવારી વધી શકે છે. શરૂવાતથી જ મહેનત કરશો તો સારૂ પરિણામ પ્રાપ્ત થઈ શકાશે. ઉચ્ચ અભ્યાસમાં વાણીજ્ય અને વ્યવસ્થાપના શાખાના વિદ્યાર્થીઓ સારા પરિણામ અંગે યશ-માન-પ્રતિષ્ઠા મહેનત પ્રમાણે મેળવી શકશે-અટપટા અને કુટ પ્રશ્નોના જવાબ સવાલ સમજીને આપવા હિતકર પુરવાર થાય વિદેશ ઉચ્ચ અભ્યાસ અંગે જવું મુલતવી રહી શકે છે ઈષ્ટની સાધના સારા પરિણામો પ્રાપ્ત કરાવી શકે છે.

**મહિલાઓ બાબતે :** સંબંધો અને આવક જળવાઈ રહે તે માટે પ્રયત્નશીલ રહેવુ અત્યંત જરૂરી છે. યુરીનરી ટ્રેકના પ્રશ્નો અંગે સાવધાની પૂર્વક વર્તળુ અત્યંત જરૂરી છે. આંખના પ્રશ્ન હોય તો શસ્ત્રક્રીયા ડિસેમ્બર જાન્યુઆરીમાં મુસતવી રાખી ફેબ્રુઆરીમાં નિર્ણય લેવો હિતકારી થાય કામકાજ મળી રહે છે. પગાર વધારો શક્ય થાય સન્માન થવાની પણ શક્યના રહે અભ્યાસમાં રહે સફળતા મળી શકે છે. વ્યવસાયમાં અનુકુળ સ્થળે બદલી મળી શકે છે. ભાતૃ વર્ગ સાથે સુલેહ અંગે સુમેળ જાળવી આગળ વધવુ અત્યંત જરૂરી છે. હરીફોની પરેશાનીથી સંભાળવુ હિતકર રહે. છતા પણ મિત્રો સહયોગીઓનો સાથ સહકાર મળી રહે છે. કૌટુંબીક કલહમાં સંબંધોની જાળવણી અંગેનો નિર્ણયો લેવામાં એડજેસ્ટમેન્ટ-સેટલમેન્ટ-કોમ્પ્રોમાઈસની થીયરી પ્રમાણે આગળ વધવું.

**વિશેષ વિગતો :** આત્મબળ અને સંયમ રાખવા અત્યંત જરૂરી છે. કુદરત ન્યાયીક સહકાર આપનાર થાય. ખટપટો અને આંતરીક બાબતોમાં કપટનીતી કરતા સમાધાન વધારે સારા પરિણામો આપી શકશે. નવેમ્બર-ડિસેમ્બરમાં સારુ કામકાજ થઈ શકે છે. કૌટુંબિક સાથ સહકાર મળી રહે. જાન્યુઆરીમાં ભ્રાતૃવર્ગ સાથે સંઘર્ષમાં સંયમ રાખવો અત્યંત જરૂરી થાય છે. સંતાનોની પ્રગતી અંગે ખાસ લાગણીઓ જણાય. બ્લડપ્રેશર ડાયાબિટીસ ન વધે તે અંગે ખાણીપીણી-આહાર-વ્યવહાર પર તો લક્ષ આપવું જરૂરી છે. માર્ચ મહિના દરમ્યાન મંત્ર-તંત્ર-ઉપરની હવા અસર ન કરી જાય તે અંગે સાવધાની વર્તવી કવચ કુંડળ ઈષ્ટની આરાધના જો જન્મ સમયના ગ્રહો નિર્દેશ કરતાં હોય તે વધારે સંભાળ રાખવુ અત્યંત જરૂરી છે. ઈષ્ટ અને ભગવંત આરાધના થકી સહાય પ્રાપ્ત કરવા જરૂરી થઈ જાય છે. મન અને આત્મીક લાગણીઓમાં ઉશ્કેરાટ ટાળવા પ્રયત્નો કરવા અત્યંત જરૂરી છે. અન્યો સાથે સંબંધો સુધરે નહીં તો કોઈ નહીં વણસતા અટકાવવી જરૂરી છે.

### ધન (ભ,ધ,ફ,ઢ)

**સ્વાસ્થ્ય બાબતે :** શારિરીક બાબતો અંગે તથા માનસીક મુંઝવણે વર્ષની શરૂઆતથી પરિસ્થિતિ માનસીક મુંઝવણવાળી રાખી શકે છે. હતાશ-નિરાશા-થાકનું પ્રમાણ વધારે રહેવાથી શારિરીક ન સમજાય તેવી મુંઝવણભરી સ્થિતિ નિર્માણ કરે છે. ડિસેમ્બર બાદ તેમાં રાહત મળવાની ચાલુ થાય. મે સુધી રાહત મળ્યા કરે છતાં ચિત્ર-વિચિત્ર પરિસ્થિતિમાંથી પસાર થવુ પડે. માર્ચ-એપ્રિલ દરમ્યાન રાહત મળી રહે. છતાં વસ્તુ સારી છે કે કોઈ મોટી બીમારી-ઓપરેશન યોગ થતા નથી. જાન્યુઆરી-ફેબ્રુઆરી દરમ્યાન આંખ અંગેનું ઓપરેશન મુલતવી રાખવુ હિતકર રહે. માનસીક પરેશાની ઉશ્કેરાટ જુલાઈ મહિના સુધી વધારે રખાવે. માનસીક વિહવળતા સપ્ટેમ્બરથી દિવાળી સુધી ચેનથી રહેવા દે તેમ નથી. વર્ષ દરમ્યાન વિચાર-વાયુનું પ્રમાણ અને અન્યની

# વાર્ષિક રાશી ભવિષ્ય - સંવત વર્ષ ૨૦૭૫, જ્યોતિષ : પ્રકાશ જોષી - મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧

સ્વાસ્થ્યની સમસ્યા અંગે હોસ્પિટલ-દવાખાનાની મુલાકાતો લેવી પડે.

**આર્થિક બાબતે :** માર્ચ મહિના સુધી ઘટતી આવકો થકી બજેટમાં અને ખર્ચાઓમાં કાપ મુકવો પડે મહેનતનું પ્રમાણ વધારે રહે અને આવકમાં વધારો કરવા અન્ય પ્રવૃત્તી તરફ ધ્યાન આપી આવક વધારવા દોડાદોડ-મહેનતો કરવી પડે. ડિસેમ્બર મહિનાથી આવક અને કામકાજ અંગે દોડાદોડી વધારે કરવી પડે ફેબ્રુઆરી મહિનાથી રોકાયેલા નાણાં છુટા થવાથી રાહતનો અહેસાસ મેળવી શકાય. મોજશોખ અને કૌટુંબીક વ્યવહારો પાછળ-નાણાં વધારે ખર્ચાય વધારાની આવક મેળવવા ઘરથી પણ કામકાજો થઈ શકે છે. મિત્રો સ્નેહીઓ અંગે એપ્રિલ-મે મહિનામાં વધારે ખર્ચાઓ કરવા પડે. માર્ચ મહિનાથી આર્થિક બાબતે રાહત મળવી ચાલુ થાય. જૂન-જુલાઈ-ઓગષ્ટમાં કામનું વળતર નહીં વત મળતું જણાય. જન્મ સમયના ગ્રહોના સાથ-સહકાર ધ્વારા સાહસ સટ્ટા અંગે ફાયદો મળી શકે તેમ છે. મહેનતના પ્રમાણમાં ફળ મળી રહેવું જણાય છે.

**કૌટુંબીક બાબતે :** કોઈને કોઈ ખટપટો થકી તમારી સાથે ચાલવાની ભાવના અંગે પ્રયત્નો પ્રમાણમાં ઓછું ફળ આપનાર થાય અન્યોના આક્રોશ ડિસેમ્બર મહિના સુધી અસર કરતા જણાય છે. ભ્રાતૃવર્ગની ઉશ્કેરણી બ્લડપ્રેશર વધારે નહીં તે અંગે સાવધાની વર્તવી ભ્રાતૃવર્ગને નવી સંપત્તી અગેના કાર્યો જન્મના ગ્રહો સાથ આપતા હોય તો આગળ વધી શકે છે. ભ્રાતૃવર્ગ મિત્રો તરફ વધારે આકર્ષીત રહેતો જણાય. માતાના સ્વાસ્થ્ય સંતાનોની વિશિષ્ટ અકળ ચાલ જીવનસાથીનું સ્વાસ્થ્ય ભ્રાતૃવર્ગની પોતાની મસ્તી અને પ્રશ્નોમાં અટવાયેલા રહેતા જણાય. સામાન્ય પ્રવૃત્તીઓ ચલાવ્યા કરવી હિતકર રહે.

**સ્થાવર જંગમ :** ઓફિસ-જમીન-ઘર ભાડા-ડિપોઝીટ પર લઈ શકાય તેમ છે. સંપત્તીમાંથી આવક મેળવવામાં સફળતા મળી શકે છે. લાંબાગાળાના રોકાણવાળી સંપત્તી મેળવી શકાય તેમ છે. પરંતુ જુની જગ્યા વેચી નવી લેવી. જન્મના ગ્રહોપર નિર્ભર થાય છે. વર્ષની ગ્રહસ્થિતિ સુચીત નથી, કરી શકાતી વ્યવસાયીક-નોકરીમાં સ્થાનફેર અથવા તો પરદેશગમન થવાથી દૂરની જગ્યાએ રહેવાની સ્થિતિ ઉભી થાય. માતાના નામ પરની સંપત્તીમાં માર્ચ મહિનામાં ફેરફાર આવી શકે છે. મે-જૂન-જુલાઈમાં માતાની સંપત્તી ખરીદી પૂર્ણ ચોકસઈ અને સ્થાનની ભુપરીક્ષણ બાદ જ આગળ વધવું જરૂરી છે. ઝરઝવેરાત અંગે ખરીદી તથા કિંમતી વસ્તુની ખરીદી વાહનની ખરીદી જાન્યુઆરીનો સમય સારો ગણી શકાય. ફેબ્રુઆરી માર્ચમાં પણ અનુકુળતા મળી રહેતી જણાય છે. ફેબ્રુઆરી માર્ચમાં જણસની ખરીદી મોકુફ રાખવી હિતકર રહે. મે મહિનામાં છેતરામણી થકી સાવધ રહેવું પડે. જમીન-મકાન-ઓફિસ અંગે લાંબાગાળે ફળતી જગ્યા મળી શકે તેમ છે.

**સંતાનો બાબતે :** લાંબાગાળાના ધીમી ગતીના ફેરફારો માર્ચ મહિનામાં દ્રષ્ટી ગોચર થઈ શકે છે. સ્વાસ્થ્ય અંગે સંભાળવું પડે. નવા આંગતુક માટે થોભો અને રાહ જોવોની પરિસ્થિતિ રહે. ભણતર અંગે પુરતું ધ્યાન આપવું જરૂરી થાય. આવક કરતા વ્યવસાયીક સંતાનો અંગે ફેબ્રુઆરી માર્ચમાં ઘટાડો થવાનો અનુભવ થાય. સ્થાવર-જંગમ અંગેના પ્રશ્નો ઉદ્ભવી શકે છે. પ્રગતી રૂંધાતી-અટકાતી હોવાનો અનુભવ થઈ શકે છે.

**વિદ્યાર્થીઓ બાબતે -** માનસીક મુંઝવણ અને વિચાર વાયુ ભ્રમની સ્થિતિ નિર્માણ કરતા જોવાય છે. સતત શરૂઆતથીજ નિયમીત અધ્યયન અને મહેનત અંગે જોવું જરૂરી છે. સાતત્યતા અને નિયમીત અધ્યયન અને મહેનત અંગે જોવું જરૂરી છે. સાતત્યતા અને નિયમીત મહેનત કરવી જરૂરી થાય છે. ગુંચવણ અને માનસીક અવઢવ વધારે રહે. માર્ચ મહિના બાદ તેમાં સુધારો થાય અને પરિસ્થિતિ અનુકુળ થતી જાય. પ્રશ્નો અન્યના કરતાં વધારે કઠીણ લાગવાનો અનુભવ થાય સમય પસાર થતા પરિસ્થિતિમાં સુધારો આવતોજાય અને સતત કરેલી મહેનત ફળદાયી થાય.

**મહિલાઓ બાબતે -** શંકા-કુશંકા હતાશા-નિરાશા, બધન રૂકાવટો અંગે વર્ષની શરૂઆત થાય છે. સમય પસાર થતાં તેમાં સુધારો આવતી જાય અને તેના થકી પરિસ્થિતિમાં અને વાસ્તવીકતા સમાન થતી જાય. પિત્ત-વાયુ-મેદસ્વીતા દૂર રાખવા આહાર વિહાર નિયમીત રાખવા અત્યંત જરૂરી છે. ઋતુ પરિવર્તનની સ્વાસ્થ્ય પર વધારે અસરો જણાય તકેદારી રાખવી અત્યંત જરૂરી છે. જન્મના ગ્રહો સકારાત્મક પરિસ્થિતિ નિર્દેશ કરતા હોય તો જ પ્રગતી સંભવીત થાય છે. અન્યથા વધારે મહેનત કરવી પડતી જોવાય.

**વિશેષ વિગતો -** ડિસેમ્બર મહિના સુધી હતાશા-નિરાશા વગેરે તથાપીત્ત થતો ઉચાટ નકારાત્મક વિચારો વધારનાર પુરવાર થાય. સમય પસાર થતાં. પરિસ્થિતિમાં સુધારો અનુભવાય, મહેનતનું પ્રમાણ વધારે રાખવું પડે અને ફાયદો અપેક્ષા પ્રમાણે ન મળે. અહમના ટકરાવનો સામનો કરવો અત્યંત મુશ્કેલ જણાય સમાધાનકારી વલણ આગળ પણ ફાયદાકારક રહે. સંતાનોને પરેશાન કરવા માંત્રીક-તાંત્રીક કરણાવાળી વસ્તુઓ ઉપયોગ થાય ભેટ-સોગાદની ચકતાસણી કરી શંકા આવે તેવી વસ્તુ સ્વીકારતા કે તેના ઉપયોગ-ઉપભોગ સંતાનો ટાળવો જરૂરી છે નાની યાત્રા-જાત્રા જીવનસાથી -ભાગીદારની ફરમાઈશને સ્વીકારવી અત્યંત જરૂરી થાય છે. ફેબ્રુઆરી માસમાં શક્ય થાય છે. મોજશોખ અને એશો આરામની વસ્તુ ખરીદી નાણાં અંગેના આયોજન બગાડી શકે છે. માર્ચ મહિના બાદ આર્થિક-માનસીક-શારિરીક તકલીફોમાં રાહત મળવાનું ચાલુ થાય તથા ફસામણીના અનુભવમાંથી રાહત મળે. જૂન-જુલાઈમાં સાથી-જીવનસાથીનું માન ભંગ કરવા કોશીશ કરતાં જણાય સાવધ રહેલું જરૂરી રહે. ત્યાર બાદ વર્ષના અંત સુધી ધીમી ગતીએ પ્રગતી થતી રહે અને વર્ષના અંતે આનંદ ઉલ્લાસની ઉજવણી કરવાનો આનંદ પ્રાપ્ત કરી શકો છો.

## મકર (ખ,જ)

**આરોગ્ય બાબતે :** બંધન યોગમાં હોવાથી માનસીક શંકા-કુશંકાઓ વિચાર વાયુ વધારે. ડિસેમ્બર મહિનામાં આંખ અંગેની શસ્ત્રક્રીયા ટાળવી હિતકારી રહે. માર્ચ મહિના સુધી નાની વાડકાપ થવી શક્ય છે. શારિરીક પીડાનો અનુભવ રહ્યા કરે. માનસીક પીડા થકી આત્મવિશ્વાસ ટકવો મુશ્કેલ થાય. આંખ અને શ્વસન તંત્રના ઈન્ફેક્શન-એલર્જીથી સાવધ રહેવું અત્યંત જરૂરી છે. ઋતુ પરિવર્તન દરેક વખતે તકલીફો ઉભી કરી શકે છે. સંભાળ લેવી જરૂરી થાય ફ્રોઝન એલ્બો જેવી પરિસ્થિતિમાં એપ્રીલ-જૂન સમય દરમ્યાન હોસ્પિટલમાં દાખલ થવું તેવી સલાહ મળે. વરસાદની સીઝનમાં શરદી વધારે તકલીફ આપી શકાય ઓગષ્ટ મહિનાથી સ્વસ્થ્યની સ્થિતિ સુધારા પર આવતી જાય. વર્ષના અંતે સ્વાસ્થ્ય લાભ રહે.

**આર્થિક બાબતે :** નોકરીયાતને મહેનત વધારે કરવી પડે. જેમને નવા કામ જોતા હોય તેમને વર્ષની શરૂઆતથી મળવું મુશ્કેલ રહે. નોકરીમાં આવકના વધારા વગર સ્થાન ફેર થવું પડે. જાન્યુઆરીથી હતાશા-નિરાશા આવવાથી ભાગ્ય કામ નથી કરતું જેવા અનુભવ થાય છતાં કુદરતી સહાય અને કરેલા સારા કર્મોનું ફળ મળી રહે તેટલી રાહત જણાય. ફેબ્રુઆરીમાં નાણાં મળતા થાય હાથ નીચે કામ કતા વ્યક્તિઓની તેની પર વધારે નજર રહે. માર્ચ મહિના દરમ્યાન આક્ષેપોનો સામનો કરવો પડે અને રોકડ અંગે ચિલ ઝડપમાં નાણાં જવાની શક્યાતા થાય. સંભાળ લેવી અતત્યંત જરૂરી છે. આવક વધવા સાથે માર્ચ મહિનાથી સહાસ-સટ્ટા-વાયદા અંગે વિચારતો થાય કરોતો જન્મ સમયના ગ્રહોના સથવારે થોડુ પામી શકાશે. જૂન મહિનામાં સાહસ કરવાની વૃત્તી વધી જઈ શકે છે. વર્ષના અંત ભાગમાં સામુહીક-રોકાણવાળી લાલચામણી સાહસીક-વાયદા-સટ્ટાની યોજનામાં સમજી વિચારીને આગળ વધવું હિતકર થાય. વ્યવહારો વર્ષ દરમ્યાન સચવાઈ જાય.

**કૌટુંબીક બાબતે :** કૌટુંબીક બાબતો ડિસેમ્બર મહિના સુધી એક કુટપ્રશ્ન રહેતી જણાય. ભ્રાતૃ વર્ગને કોઈ નિસ્બત કે લેવા-દેવા નથી જેવું વર્તન રાખે. તેમને મહેનત વધારે પ્રમાણમાં કરવી પડે. કામકાજ મળી શકે છે. અન્ય સ્થળે બદલી કે પરદેશગમન પણ શક્ય થાય છે. જીવનસાથી-ભાગીદાર મેળવી શકે છે. શુભ સમાચાર પણ મળી શકે છે. ફાજલ પડેલી જગ્યાનો કામકાજ માટે ઉપયોગ કરી શકશે. ભ્રાતૃવર્ગ સહાસ-સટ્ટા-વાયદા અંગે દૂર રહેવું હિતકર રહે. આવકમા સ્થિરતા જણાય. સંતાનો પોતાની મસ્તીમાં રહેતી જણાય તેમને લગ્ન યોગ થઈ શકે છે. જીવનસાથીના સ્વભાવ થોડો ઉગ્ર રહેતો જણાય. પિતા પોતાની રીતે મસ્તીમાં જીવન જણાય વ્યવસ્થા એકંદરે જળવાઈ રહેતી હોવાથી વાંધો ન આવે.

**સ્થાવર જંગમ :** સ્થાવરમાંથી આવક મેળવવા કૌટુંબીક આટાપાટાની રમત રમાતી જોવાય. કાયદાકીય ગુંચ ઉભી થવી ડિસેમ્બર-જાન્યુઆરીમાં શક્ય થાય છે. સંપત્તી અંગે મામલો પેચીદો થઈ કુટ પ્રશ્ન ન થાય તે અંગે સાવધ રહેવું અત્યંત જરૂરી છે. વાહન વસાવી શકાય તેમ છે. ઝરઝવેરાત-કિંમતી વસ્તુ જૂન મહિના સુધી અથવા તો ત્યારબાદ વર્ષની અંત સમયે થઈ શકે છે.

**સંતાનો અંગે :** નવાગંતુકની પધરામણી થઈ શકે છે. સંતાનો અંગેના પ્રશ્નો નહીવત રહેતા જણાય. છતાં જીદ પોસવી પડે. માર્ચ મહિના બાદ થોડા અકળ વૃત્તીવાળા થતાં જોવાય. માર્ચ મહિના બાદ તેમને સારી સફળતા મળી શકે છે. સંતાનોની વિવાહ અંગેના નિર્ણયો લઈ શકાય છે. મિત્રતા સારી રહેવાથી સંગદોષ જણાતો નથી.

**વિદ્યાર્થીઓ અંગે :** વિચાર શુન્ય સ્થિતિ રહેતી જણાય નિર્ણય શક્તિનો અભાવ માર્ચ મહિના સુધી પ્રશ્નો ઉપસ્થિત કરી શકે છે. માર્ચ મહિના બાદ સ્થિતિમાં સુધારો આવતો જાય અને પરિસ્થિતિ સુધારા પર આવે. ડિસેમ્બર મહિના સુધી ગુચવાયેલા કોકડા જેવી સ્થિતિ રહેતી જણાય. ત્યારબાદ આત્મ સુઝથી કામ ઉકેલવાની ઘડી બેસતી જાય. અભ્યાસ શિવાયના કામોમાં વધારે આકર્ષણ રહેતું જણાય. પરિક્ષા સમયે પ્રશ્નોની કુટતા સમજી વિચારીને ઉત્તરો આપવા થકી સારી ટકાવારી મેળવી શકાશે. જૂન મહિના સુધી અભ્યાસ માટે સારો સમય રહે છે. અભ્યાસ બાદ ઉચ્ચ અભ્યાસ અંગે વિદેશ કે અન્ય સ્થળે જવું શક્ય થાય છે. કામકાજ અંગે દૂરના સ્થળે જવાની પણ શક્યતા રહે. ઈષ્ટની આરાધના સારૂ ફળ મેળવવામાં સહાયક થાય.

**મહિલાઓ અંગે :** માર્ચ મહિના સુધી સ્વાસ્થ્ય અંગેની ન કોઈ તકલીફો રહેતી જોવાય. બંધનનો અનુભવ થઈ શકે છે. ત્યારબાદ વાંધો આવતો જણાતો નથી. ઢીંચણ-ઘુંટણના દુખાવા અંગે ત્વરીત ઈલાજ કરી લેવા જરૂરી છે. આંખ અંગેના ઓપરેશન અંગે માર્ચ મહિના બાદ નિર્ણય લેવા જરૂરી છે. પરિવર્તનના વાયરલ-એલર્જીક તકલીફો અંગેના પ્રશ્નો તકલીફો આપી જાય. વિદ્યા અભ્યાસ અંગે પ્રશ્નોના સમજી વિચારીને જવાબો આપવા હિતકારક થાય. મિત્રો અહમ અને વટ પાડવાની કોશીશો કર્યા કરે તેની અસર માનસીક સ્તરે વધારે થતી જોવાય મુસાફરી-યાત્રા-જાત્રાના પ્રસંગો ઉપસ્થિત થાય અને કવચીત તેમા ઘોંચ પણ આવી શકે. વધારેલી ભક્તિના સંસર્ગમાં આવવા થકી અસમંજસની સ્થિતિ આવતી અનુભવી શકાય સાવધ રહી આગળ વધવું. ઈષ્ટની આરાધના કપરો કાળ પસાર કરાવી જાય.

**વિશેષ વિગતો :** પનોતી અંગે મહેનત કરવાનું વધારે થાય. માર્ચ મહિના સુધી કવચીત વિચાર શુન્યતા અને વિચાર વાયુનો અનુભવ થઈ શકે છે. નાની શસ્ત્રક્રીયાના યોગ થાય. ઢીંચણ ઘુંટણની ફરીયાદ અંગે તથા ઋતુ પરિવર્તનના એલર્જી-વાયરલ વધારે અસર ન કરી જાય તે અંગે સાવધ રહેવું અત્યંત જરૂરી છે. જૂન મહિના દરમ્યાન ચોરી-ચીલઝડપ વગેરેથી નાણાંકીય નુકશાન ન થાય તે અંગે સાવધાની વર્તવી જરૂરી થાય દુ:ખના ઓસડદહાડા જેવી પરિસ્થિતિમાંથી બહાર નિકળવા ધીમી-ગતીએ પ્રગતી થતી જોવાય અને વર્ષના અંત સમયે ફરી પાછા આનંદ-પ્રમોદમાં વિતાવી શકશો. ઈષ્ટની સાધના-આત્મવિશ્વાસ અંગે મહેનત દ્વારા કટોકટી ભરી સ્થીત માંથી બહાર નિકળવાના રસ્તાઓ મળી જાય અને ધીમી ગતીએ પ્રગતી થતી જોવાય. કુદરતી ન્યાયે અને સહાયે અનપેક્ષત મદદ દ્વારા વ્યવહારોમાં રાહત મળી રહે અને ધંધાકીય વ્યવસાયીક પ્રગતી વર્ષની અંત સુધીમાં અનુભવી શકાય ચાલુ કામકાજો સીવાયના વધારાના કામથી આવકમાં વધારો જોવાય અને વર્ષની અંતભાગમાં સહયારી-સાહસ-સટ્ટા-વાયદા ફાયદાની યોજના અંગે નાણાં ફસાઈ જાય અથવા લાંબા ગાળા સુધી રોકાયન જાય તે અંગે ધ્યાન રાખવું પડે.

## કુંભ (ગ,સ,શ,ષ)

**સ્વાસ્થ્ય બાબતે :** વર્ષ વાયુ વિકારથી સંભાળવું પડે માર્ચ મહિના સુધી અનીંદ્રા પણ પ્રશ્ન રહે. તે સિવાય વધારે કોઈ તકલીફો જણાતી નથી છતાં પણ ફેબ્રુઆરી-માર્ચ-એપ્રિલ દરમ્યાન અસ્વસ્થતા જણાય વહેમ

# વાર્ષિક રાશી ભવિષ્ય - સંવત વર્ષ ૨૦૭૫, જ્યોતિષ : પ્રકાશ જોષી - મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧

અને મનના ઉભા કરેલા પ્રશ્નો સ્વાસ્થ્ય અંગે સતાવે-હતાશ-નિરાશા-ડિપ્રેશન અંગે સંભાળવું પડે કામકાજની ગતી ધીમી હોવાથી પૂર્ણ થવા વિચારો પરેશાન કર્યા કરે.

**આર્થિક બાબતો :** કરેલી મહેનતનું ફળ મળતું રહે છે. આવકનો પ્રવાહ સતત ચાલું રહે છે. વ્યવસાય-નોકરીમાં બઢતી મળી શકે છે. કામકાજ મળી રહેતા આવકની ચિંતાનુ પ્રમાણ ઓછુ રહે. ઈચ્છા પ્રમાણેની ન મળે પણ કામતો મળી જ રહે છે. લાભ પ્રસંગો થકી આવકમાં વધારો જોવાઈ શકે છે. જાન્યુઆરી મહિના સુધી સાહસ-સટ્ટા-વાયદા થકી લાભ મળી રહેતો જણાય છે. વધારે પ્રમાણમાં અને હેસીયત પ્રમાણે સમજી વિચારી ગણતરીપૂર્વક આગળ વધવું જરૂરી રહે. ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી સારો લાભ મળી રહેતો જણાય છે. નાણાં માટે અને કામ માટે મથક-ધરાક-વિદેશ પ્રવાસ શક્ય થાય છે. કામકાજમાં વધારો તાકાત હોય તેની કરતા પણ વધારે મળી શકે છે. સાહસ-સટ્ટા-વાયદાને મુખ્ય વ્યવસાય બની ન જાય તે અંગે સાવધાની વર્તવી. જૂનથી ઓગષ્ટ મહિના સુધી પ્રતીસ્પધા-દર્શકો મેદાનમાં આવતા જોવાય છે. નુકશાનની માત્રા ઓછી રહે પણ ધા ન થાય તોય ઘસરકો જરૂરથી ખમવો પડે સપ્ટેમ્બર મહિનાથી ઝડપ ઘટતી જાય. સંતાનોને પણ એકંદરે આક સારી રહેતી જણાય છે. જીવનસાથી આવકનો મોટા ભાગ ઘરખર્ચમાં વપરાય જતો જોવાય. સંપત્તીમાંથી ખાસ આવક થવી જણાતી નથી. પિતાની આવક ચાલુ રહે છે. કામકાજ કરી શકો. તેટલા પ્રમાણમાં આવક અને નફો ઘરભોગો કરી શકાશે. જન્મના ગ્રહો સારૂફળ આપતા હશે તો આવકનું પ્રમાણ તેટલું વધારે રહે.

**કૌટુંબીક બાબતે :** સભ્યોનો સાથ-સહકાર મળી શકે તેમ છે. ખાસ તકલીફો ઉભી થતી જણાતી નથી. ભ્રાતૃવર્ગ સાથેના સંબંધો સુમેળવાળા અને સુહૃદ રહેતા જણાય છે. તેમને પણ સારી સફળતા મળતી જણાય છે. બેદરકારી આર્થિક અને કામકાજ અંગેની નુકશાની કરાવી શકે છે. અહમના ટકરાવમાં ફસાઈ ન જાય તે અંગે સાવધાની વર્તવી જરૂરી રહે છે. વિવાદ અંગેના નિર્ણયો લઈ શકે છે. જમીન-જાયદાદ અંગે ભુ-પરિક્ષણ કર્યા પછી જ આગળ વધવું અત્યંત જરૂરી થાય છે. સ્થાન ફેર પણ શક્ય થઈ શકે છે. માતાનું સ્વાસ્થ્ય સારૂ જણાય. સંતોનોની શારિરીક સુઃખાકારી સારી રહેતી જણાય. આવક પણ સારી થતી જોવાય છે.

**સ્થાવર જંગમ :** નવી વસાવવાના યોગો ઓછો જણાય છે. પડતર હોય તેવી જગ્યા કાર્યાલય-ગોડાઉન-સંપર્ક સ્થળ તરીકે ઉપયોગ કરી શકાય તેમ છે. ભાગીદારીની જીવનસાથીના નામે રહેલી સંપત્તીમાંથી આવક ઉભી કરો તેમ છે. કિંમતી વસ્તુ વસાવવાના, ઝર-ઝવેરાત અંગેની ખરીદી કરી શકાય છે. તેના વખાણ પણ સાંભળવા મળી શકે છે. વાહન અંગેની ખરીદી પણ થઈ શકે છે. ફેબ્રુઆરી માર્ચમાં ખરીદાયેલી વસ્તુ નુકશાનીવાળી નીકળી શકે છે. શુકનવંતી વસ્તુ મળવા માટે એપ્રિલ-મે મહિનામાં ખરીદી કરી શકાશે. ઉપહાર માટેની વસ્તુ ખરીદી જૂન-જુલાઈમાં થઈ શકે છે. ત્યારબાદ વર્ષના અંત ભાગમાં ખરીદી થઈ શકે છે.

**સંતાનો બાબતે :** કન્યારત્ન પ્રાપ્તીની પ્રબળ શક્યતા જણાય સંતાનોની સફળતા નિરાશ કરનાર અને માનસીક હતાશા ઉત્પન્ન કરી શકે છે. સિવાય કે જન્મના ગ્રહો સફળતા સારી જણાય વલણ થોડું વિચિત્ર રહેતું જણાય. તેમના પ્રશ્નોના ઉકેલ અંગે વિચારવું અને વિચાર-વિનિમય કરવા જરૂરી છે જાન્યુઆરી-ફેબ્રુઆરી દરમ્યાન જિદ્દી વલણ જોવાય. મે-જૂન દરમ્યાન સ્વાસ્થ્યની કાળજી લેવી જરૂરી છે. આત્મ બળ આત્નવલીપાત થકી ઘટી શકે છે. સ્વાસ્થ્યની અસર અભ્યાસ પર પડા શકે છે.

**વિદ્યાર્થીઓ અંગે :** આળસ અને નકારાત્મક વિચારો છોડી નિયમીત મહેનત દ્વારા સારા પરિણામની આશા રાખી શકાય છે. પૂરતી તૈયારી દ્વારા ધાર્યું પરીણામ મેળવી શકાય છે. મૌખીક પરિક્ષામાં ગડબડ ન થાય તે અંગે ધ્યાન આપવું પડે. ઈતર પ્રવૃત્તી પાછળ સમય બગાડવાની વૃત્તી વ્યાજબી અત્યંત જરૂરી છે. ગોચરના ગ્રહોની પરિસ્થિતિ સાનુકુળતા બતાવે છે. મહેનત કરી સારી ટકાવારી લાવવા પ્રયત્નો કરી લેવાથી કેરિયર બની શકે તેમ છે. ગ્રહસ્થિતિનો લાભ લઈ મહેનત કરી લેવી જરૂરી છે.

**મહિલાઓ બાબતે :** રોજીંદા ખર્ચાઓ અને વ્યવહાર ચલાવવાં નાણાંકીય સ્થિતિ સાનુકુળ રહેતી જણાય છે. માનસિક ઉચાટો અને વિચારવાયુથી દૂર રહી હતાશા-નિરાશાથી દૂર રહેવું અત્યંત જરૂરી છે. ફેબ્રુઆરી માર્ચમાં પીત્ત-વાયુનું પ્રમાણ વિશેષ રહેતું જણાય છે. થોડી મહેનત સંતોનાના પ્રશ્નો ઉકેલવા જરૂરી છે. કુટુંબ અંગેની સમસ્યાઓ ઓછી હેરાન કરે છે. સારા સમયનો આનંદ લેવા માટે ફેબ્રુઆરી બાદ વર્ષના અંત સુધી મળી રહે છે. જૂન મહિના દરમ્યાન શેર-સટ્ટા સાહસ-વાયદા અંગે દૂર રહેવાથી નુકશાની થકી બચી શકાશે. યશ-માન-પ્રતિષ્ઠા જાળવવા જરૂરી થાય. ઈષ્ટની આરાધનાથી સમય સાચવવા પ્રયાસ કરવા.

**વિશેષ વિગતો :** યોજના બધ્ધ રીતે ચાલતા હો તેવામાં ડિસેમ્બર મહિના સુધીનો બધું બરોબર ચાલતું રહેશે. છતાં આત્મવિશ્વાસ ડગમગી જાય. તેવી પરિસ્થિતિ ઉભી થાય. જેની અસર માર્ચ મહિના સુધી રહેતી જણાય. શરીરમાં દુઃખાવની ફરીયાદ પણ રહેતી જોવાય. અગાઉના સારા કર્મો આ સમયે કામ લાગી શકે અને કોઈને કોઈ વ્યક્તિની મદદ મળી રહે અને કામકાજો અને પદોન્નતીની વધારાની સ્થિતિ ઉભી થાય. માર્ચ મહિના દરમ્યાન અહમ ના ટકરાવને ટાળવા જરૂરી રહે. એપ્રિલ બાદ રાહતનો અનુભવ રહેતો જણાય. મે-જૂન-જુલાઈ દરમ્યાન જે કંઈ પણ સટ્ટા-સહાસ કરો તેમાં ખાસ ધ્યાન રાખી ચોક્કસ ગણતરી પ્રમાણે ચાલવું જરૂરી છે. જુલાઈ દરમ્યાન જે કંઈ પણ સટ્ટા-સહાસ કરો તેમાં ખાસ ધ્યાન રાખી ચોક્કસ ગણતરી પ્રમાણે ચાલવું જરૂરી છે. જુલાઈ ઓગષ્ટ દરમ્યાન સંતાનોની નાણાં અંગેની માંગણી વધારે રહેતી જોવાય. યશ-માન-પ્રતીષ્ઠા મેળવવા ઓગષ્ટ મહિનાથી ચાલુ થાય. ભાગીદાર-જીવનસાથીવા અહમ પોષવા નાણાં ખર્ચ કરવો પડે. નાણાંકીય પરિસ્થિતિ બરોબર ન હોવાનો અહેસાસ થાય પરંતુ દીવાળી સમયે પરિસ્થિતિ સુધરતી જણાય. વરસના અંતે રાશ મેળવતાં ઘણું સારૂ વર્ષ પસાર થવાનો અનુભવ સંતોષ આપી જાય.

## મીન (દ,ચ,ઝ,થ)

**સ્વાસ્થ્ય બાબતે :** ડાયેટીંગ કરતાં હોય તેમણે સ્થુળતા વધે નહિં તેનું ખાસ રાખવું જરૂરી થાય છે. ક્રિસમસથી હોળી દરમ્યાન ઉપરીનો ઠપકો મળવાની અથવા હાથ નિચેના વ્યક્તિ સાથે બોલાચાલી થકી અહમ વધવાની શક્યતા રહે છે. તેની અસરને હિસાબે માર્ચ મહિના સુધી હાથ ણપાય અથવા તો ઉગ્રતા વધારે રહેતી જણાય. મામલો થાળે પાડવા ધીરજ ધરવી અને શાંતીથી પ્રશ્નો ઉકેલવા પ્રયાસો કરવા હિતકારક રહે. આંખ અંગે સંભાળ લેવી જરૂરી રહે. માર્ચ મહિનાથી પિત્ત પ્રકૃતી અંગે સંભાળવું સ્વાસ્થ્ય અંગે જરૂરી રહે. મે જૂન મહિના દરમ્યાન માંત્રીક-તાંત્રીક પ્રયોગો અંગે સાવધાની વર્તવી જરૂરી રહે. ચર્મરોગ અને અથવા વાયરલ બીમારીથી ઋતુ પ્રમાણે આહાર-વિહારમાં ફેરફાર કરવા જરૂરી થાય. વર્ષના અંત સમયમાં આત્માના અવાજને અનુસરી આહાર-લેવો અન્યાની આગ્રહથી તકલીફ ઉભી થઈ શકે છે.

**આર્થિક બાબતો :** વર્ષની શરૂઆતથી ડિસેમ્બર મહિના સુધી કામકાજો મળી રહે આવક થાય પણ નાણાં મળતા વાર લાગે અથવા તેમાં રૂકાવટો ઉભી થતી જોવાય મહેનત વધારે કરવી પડે. ઉઘરાણી અંગે અન્ય વ્યક્તીને લવાદ રાખવાનું ડિસેમ્બર મહિના સુધી ટાળવું હિતકર રહે. જાન્યુઆરીમાં ભોગ આપો અને પ્રસાદ મેળવો ના ન્યાયે મધ્યસ્થી-દલાલ-કમીશન એજન્ટ વગેરેથી નાણાંકીય સ્થિતિમાં રાહત મેળવી શકાશે. માર્ચ મહિનામાં સટ્ટામાં રોકાણ ઓછુ થાય અથવા તો નાણાં પરત મેળવી શકાય. માર્ચ મહિનામાં ગબન-ગોટાળ અને ચીલ ઝડપ નુકશાન કરાવી શકે છે. મુસાફરીમાં ખાસ ધ્યાન રાખવું હિતકર રહે. જૂનથી ઓગષ્ટ મહિના સુધી સટ્ટા-વાયદામાં મોટું રોકાણ કરવા અંગે વિચારો તો સમજી વિચારીને કરવાથી સ્ટોપલોસની અને તારવણીનો ફાયદો મેળવી લેવા પર ધ્યાન કેન્દ્રીત કરવું. આંધળુકીયા અને અનુકરણથી દૂર રહેવું હિતકર રહે. ત્યારબાદ વર્ષના અંત સુધી વાંધો આવતો જણાતો નથી. કામકાજ માર્ચ બાદ સારૂ ચાલી શકે સંતાનોની આવક પણ રાહત આપનાર થાય.

**કૌટુંબીક બાબતે :** તમારી સીવાયના સભ્યોને તકલીફો રહેતી જણાય આના પરિણામરૂપ બહારના સંબંધોમાં વધારે રચ્યા પચ્યા રહેતા જણાય ડિસેમ્બર માસ બાદ પરિસ્થિતિમાં પલટો આવતો જોવાય. ભાતૃવર્ગની તંદુરસ્તી સારી રહે. પ્રગતી કરતાં જોવાય પોતાના વલણ પ્રમાણે વર્તતા જોવાય લગ્નયોગ માર્ચ મહિના બાદ થઈ વ્યવહારી પ્રમાણે માળ્યા કરે. માતાની માટે સફળતા અને પ્રવાસ બંન્નેને લાભ મળી રહેતો જોવાય. જીવનસાથી-ભાગીદારનું સ્વાસ્થ્ય સારૂ રહેતા તકલીફો ઓછી રહે. તેમને આર્થિક-રાજકીય-સામાજીક યશ-માન મળે. ઘરેલું સમારકામ ઈન્ટીરીયર કામ જરૂરીયાતના પોષણ માટે કરવા પડે. રાજકારણમાં વધારે પ્રમાણમાં ઓતપોત રહેવું પડે. માંત્રીક તાંત્રીક વસ્તુના તડે દ્વારા કષ્ટ-પીડા દૂર કરવા પ્રયત્નો કરવા પડે. સંપત્તિમાંથી આવક-ઉપજ કરી શકાશે. એકંદરે નાણાંકીય આવક સારી રહેતી જણાય.

**સ્થાવર જંગમ :** સ્થાવરના સમારકામ કરાવી ઉપયોગમાં લેવાથી ફાયદો મળે આવક ઉપજે નવી વસાવવાનો યોગ થતો નથી. પણ વિસ્તાર વધારે ઉપયોગમાં લેવા ખર્ચ કરવો પડે. વાહન અંગેની ખરીદી કરી શકાય તેમ છે. સ્વ.ઉપયોગ અને મોજ શોખ માટે લેતા તેમાં વધારાના ખર્ચાઓ કરવા પડે તથા અન્ય ઉપયોગના દિવસોમાં કરેલી ખરીદી બિનઉપયોગી માથે પડેલી જણાય. માત્ર જૂનથી જુલાઈ વચ્ચે રોજીંદા વપરાશની વસ્તુ ખરીદવાનો અને ઉપયોગનો આનંદ પ્રાપ્ત થાય તેમ છે.

**સંતાનો અંગે :** સંતાનપ્રાપ્તીની ઈચ્છા ફળી ભૂત થઈ શકે છે. છતાં કાળજી વધારે લેવી પડે. સંતાનોની તબીયત માર્ચ મહિના સુધી નરમ રહ્યાં કરે ત્યારબાદ તંદુરસ્તી સુધરતાં અભ્યાસ માંધ્યામન વધારે રહેતા જોવાય સમય પસાર થતા બધું થાળે પડે અને પરિસ્થિતિ સુધરે સ્થાવરના ખરીદી પજેશન મોડું મળવાની હોય તેવી લેવી હિતકાર રહે. મિત્રતા સારી જોવાય. ફેબ્રુઆરી બાદ પ્રવાસ સ્થાવાંવરના યોગ સારા જણાય. વંશ વૃદ્ધિ અને કુટુંબમાં વધારાની શક્યતા જણાય છે.

**વિદ્યાર્થીઓ અંગે :** ગોચરના ગ્રહો સારૂ પરિણામ આપનાર જણાય છે. મહેનત કરી લેવાની વૃતી રાખવી શાંતી-ધીરજ- અને ગભરાટ વગર પ્રશ્નોના ઉત્તરોધારી સફળતા મેળવી આપનાર થાય આવજતાં પ્રશ્નોના જવાનો સારી રીતે આપવા અને અઘરા પ્રશ્નોની ઉત્તર શાંતીથી આપવા અંત સમયમાં રાખવાથી ટકાવારી વધારી શકાશે. યાદશક્તિ અને મહેનત બંન્નેનો સમવય કરીને ઉત્તરી આપવા જરૂરી રહે છે. ધ્યાન ઉત્તરો પુરા કરવામાં રાખવું જરૂરી રહે છે. શરૂઆતની ગુંચવણો ધીરે-ધીરે ઉકેલાવાથી ભણવાનો આનંદ મેળવી શકાશે. જાહેર વાર-તહેવારવે ખપ પુરતું મગત્વ આપવું જરૂરી છે. નોકરી કરવા માંગતા અંતીમ સેમીસ્ટર અથવા ડીગ્રી મેળવી નોકરી વ્યવસાય કરવા માંગતા વિદ્યાર્થીઓ સારી મહેનત ધ્વારા જીવનમાં પ્રગતી સાધવામાં સદાય ભૂત થઈ શકેતે રીતે અભ્યાસ કરવો જરૂરી છે. ઉચ્ચ અભ્યાસ અંગે પરદેશ ગમનની શક્યતા વધારે રહે.

**મહિલા અંગે :** શારિરીક સ્થુળતા વધતી અનુભવા. જુલાઈ માસ સુધી વધારે શારિરીક ઘેરાવાની સ્થિતિ વાયરલ ઈન્ફેક્શન અને એલર્જીના પ્રશ્નો સર્જી શકે છે. કવચ અને મારણ થકી બચવા પ્રયત્નો કરવા જરૂરી થાય છે. વાયુ પ્રાપ્તિની તકલીફો હાથના સ્નાયુઓ અને ઘુટણ ઢીંચણના પ્રશ્નો સર્જી શકે છે. આત્માના અવાજને અનુરૂપ પ્રસંગો પર ખાવાપીવામાં ધ્યાન રાખવાથી બચી શકાશે. અભ્યાસમાં સારી સફળતા મળી શકે છે. વ્યવસાય અને નોકરી મેળવવામાં સફળતા મળી શકે છે. જીવનસાથી મળી શેક લગ્ન યોગ માર્ચ બાદ અમલમાં આવી શકે છે. સંતાન પ્રાપ્તિની ઈચ્છા પૂર્ણ થઈ શકે છે..

**વિશેષ વિગતો :** અહમના ટકરાવમાં વૈમનસ્યો ઉભા થાય આર્થિક મુંઝવણો ઉભી ન કરે તે અંગે સાવધ રહેવું જરૂરી રહે. અટકાયેલા નાણાં માટે છુટા કરવા ફેબ્રુઆરી માસબાદ વચેટીયા-કમીશન-ઓળખાણ વગેરેને કામ કરાવી લેવાનું લાભકારક થાય. ઉપરી અને અન્ય સહ કાર્યકારો સાથે મતભેદ-મનભેદ ધ્વારા અહમના ટકરાવથી બચવું અને ગરમા ગરમી ટાળી હીત સાધવું જરૂરી રહે. નવા કામકાજો ચાલું કરવા મેળવવા યાત્રા પ્રવાસ વગેરે કરવા પડે. યાત્રા દરમ્યાન વસ્તુઓનો ખ્યાલ રાખવો તથા હિસાબમાં ગોટાળા-ગબન ચિલઝડપ-ઘરફોડી વગેરેથી સાચવવું હિતકર પુરાવાર થાય. મારણ-ત્રાટક-ઉચ્ચાટન-મંત્ર-તંત્રની અસરોથી મુક્ત થવા માટે પુરતા કવચ અને ઈલાજો કરી લેવા હિતકર રહે.


FESTIVAL
Offer
This festival Gift Happiness with Chocolate
Chocolates - The Best Gift you can Ever
give to your Love Ones this Diwali...
Customised Corporate Chocolate Gift Box
Range starts from Rs. 150/- onwards
Kinjal P. Shah
+91 93222 60997
Premal K. Shah
+91 88988 80997
Sweet Nutties
Varieties Of Chocolates
Chocolates • Chocolates Bouquets
Shop No. 3, Mahavir Mahal, Plot No. 130, Garodia Nagar, Ghatkopar (E), Mumbai - 400 077.
વોઈસ ઓફ ઘાટકોપરના વાચકોને બલ્ક ઓર્ડર પર ૧૦ ટકા સ્પેશિયલ ડિસ્કાઉન્ટ

# નગરસેવિકા જ્યોતિ હારુન ખાન એ મેટ્રોના ચાલી રહેલ કામથી જનતાને પડતી મુશ્કેલીઓ ઉકેલવાની કરી માંગ



રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નગરસેવિકા જ્યોતિ હારુન ખાન અને હારુન ખાન દ્વારા મેટ્રોના ચાલી રહેલ કામથી જનતા ત્રસ્ત છે અને જરૂરી ફેરફારો તાત્કાલિક ધોરણે મેટ્રો ઓથોરીટી દ્વારા જેમને કોન્ટ્રાક્ટ અપાયો છે તેમની પાસે કરાવવાની માંગ સાથેનો મોરચો ઘાટકોપર(વે) એલબીએસ ખાતે તેમના સમર્થકો સાથે કાઢયો હતો.










# ''ઘાટકોપર ઘોઘારી યુવા ગ્રુપ'' દ્વારા યોજાયો ભવ્ય માર્ક ફન એન્ડ ફેર અને એક્ઝિબીશન







ઘાટકોપર ઘોઘારી યુવા ગ્રુપ દ્વારા આયોજિત ''શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ'' ના સથવારે ભવ્ય માર્ક ફન ફેર નું આયોજન ઘાટકોપર ખાતે ના ગુરુકુલ સ્કૂલ ખાતે તા. ૨૮.૧૦.૨૦૧૮ ના રવિવારના રોજ કરવામાં આવેલ હતું. જેના મુખ્ય સ્પોન્સર શ્રી મણિલાલ મોહનલાલ પારેખ પરિવાર હતો, તથા બેસ્ટ ફૂડ સ્ટોલ, તથા બેસ્ટ ડેકોરેટેડ સ્ટોલને પ્રાઈઝ આપવામાં આવેલ હતા.તેવીજ રીતે મુખ્ય સ્પોનસર માર્ક દ્વારા પણ દર કલાકે લકકી ડ્રો પ્રાઈસ આપવામાં આવેલ હતા. આ ફનફેરમાં લગભગ ૩૫૦૦ જાણ ની હાજરી હતી, દરેક સ્ટોલસ ને ખુબજ સારો રિસ્પોન્સ મળેલ હતો. આ તથા જૈન યુથ ફોઉન્ડેશનના શ્રી જીજ્ઞેશભાઈ દોશી (મુલુંડ), તથા અન્યો આવેલ હતા, ઘોઘારી સ્પોર્ટ્સ ગ્રુપ્સના પ્રમુખ શ્રી જયેન્દ્રભાઈ પારેખ, વિજયભાઈ દોશી તથા જીજ્ઞેશભાઈ વોરા, મલાડ ઘોઘારી સમાજના કમિટી મેમ્બર્સ પણ ખાસ ઉપસ્થિત રહેલ હતા,તેમજ મુંબઈ સમાજના ઘણા આગેવાનો











હતા. જેઓના પરિવાર દ્વારા આ ભવ્ય ફેર નું ઉદઘાટન કરવામાં આવેલ હતું તથા શ્રી જીતેન્દ્રભાઈ બાબુલાલ દોશી ફૂડ ઝોનના, શ્રી પ્રવીણભાઈ રતીલાલ દોશી કિડ્સ ઝોનના, જ્વેલરના શ્રી નિરજભાઈ દોશી પ્રાઈઝ સ્પોનસર, તથા વોઈસ ઓફ ઘાટકોપર મીડિયા પાર્ટનર હતા.

આ ફન ફેર માં ૧૦૦ થી વધુ સ્ટોલ હતા જેમાં એક્ઝિબીશન સ્ટોલ,બાળકો માટે ભવ્ય કિડ્સ ઝોન, યુવાનો માટે ગેમ સ્ટોલ, તેમજ સ્વાદિષ્ટ વાનગીઓના ફૂડ સ્ટોલ હતા. આમાં ઘાટકોપર ઘોઘારી યુવા ગ્રુપ દ્વારા દર કલાકે લકી ડ્રો રાખવામાં આવેલ ફન ફેરમાં ઘોઘારી સમાજના ''સમાજ રત્ન'' થી સન્માનિત એવા વડીલ શ્રી ચીમનભાઈ અમીચંદ દોશી, સમાજના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ શાહ, પ્રમુખશ્રી જીતેન્દ્રભાઈ શાહ, મંત્રીઓ શ્રી હસુભાઈ દોશી તથા દિનેશભાઈ શાહ, તથા સમાજના અન્ય કારોબારી સભ્યો હાજાર હતા, શ્રી શૈલેષભાઈ નાગેશ્વર તેમજ મુંબઈ જ્ઞાતિના મંત્રી તેમજ શ્રેયસ્કર ઘોઘારી પરિવાર મુલુંડના શ્રી જીતુભાઈ શાહ, શ્રી વાસુપુજ્ય જૈન દેરાસર મુલુંડના ટ્રસ્ટી શ્રી નલિનભાઈ શાહ (આર.કે.), અખિલ ભારતીય શ્રી જૈન શ્વે.મૂ.યુવક મહાસંઘના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પધારેલ હતા. તેવીજ રીતે શ્રી વિરેન્દ્ર બક્ષી, શ્રી પ્રવીણભાઈ છેડા, મનીષભાઈ વોરા, ભાવેશભાઈ ભાનુશાલી, દિનેશભાઈ ભટ્ટ, અતુલભાઈ ભાયાણી, વોઈસ ઓફ ઘાટકોપરના શ્રી જતિનભાઈ કોઠારી, દિલાવર સર, તથા અન્યો.

ઘાટકોપર ઘોઘારી યુવા ગ્રુપ દ્વારા આયોજિત ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૬, સિદ્ધાચલ કપ-૨૦૧૯ જે જાન્યુઆરીમાં યોજનાર છે જેના ફોર્મનું અનાવરણ સ્પર્ધાના મુખ્યદાતા શ્રીમતી માયાબેન કીર્તિભાઈ સલોતના પુત્ર શ્રી હિતેશભાઈ સલોત દ્વારા કરવામાં આવેલ હતું.











HAPPY
Diwali
RAJSHREE™
BUILDERS
RAJSHREE
status
expanding your status
Ghatkopar - East
MAHARERA- P51800002062
www.maharera.mahaonline.gov.in
RAJSHREE
ORCHID
2BHK APARTMENT
GHATKOPAR (EAST)
MAHARERA- P51800001097
www.maharera.mahaonline.gov.in
+91 97692 18152/53
info@rajshreebuilders.com

# ઘાટકોપરના ફૂડ કલ્ચરમાં આર-સ્ટીમ હોટની ધમાકેદાર એન્ટ્રી












મુંબઈનો પ્રખ્યાત-લેજેન્ડરી ટેસ્ટ હવે ઓડિયન કૈલાસ પ્લાઝા ખાતે માણી શકાશે. આર-સ્ટીમ હોટ જાણીતી ફાસ્ટ ફુડ રેસ્ટોરન્ટનો મુલુંડમાં સ્વાદ રસિકોમાં ખુબ નામના મેળવ્યા બાદ હવે ઘાટકોપર ઓડિયન ખાતે કૈલાસ પ્લાઝામાં સોમવાર તા. ૨૯ ઓક્ટો-૨૦૧૮નાં શુભારંભ થયો હતો. છેલ્લા ૩૮ વર્ષથી ફુડલવર્સ માટે સ્વાદતૃષાને સંતોષતું આર સ્ટીમ હોટ લેજન્ડરી ટેસ્ટ અને ફાસ્ટફુડ વેરાયટી જેમાં ગારલીક બ્રેડ વીથ મેલ્ટેડ ચીઝ, એપન ટોસ્ટ, પિત્ઝા, રોલ્સ લોડેડ વીથ ચીઝ અને મસાલા મિલ્ક સૌથી ફેમસ છે.

આર-સ્ટીમ હોટના ઉદ્‌ઘાટન પ્રસંગે હોટલનાં સ્થાપકો અશ્વિન ભાઈ ઘીરાઈ, વિમલભાઈ ઘીરાઈ, મનોજ ઘીરાઈ અને તેમનાં સુપુત્રો પૃથ્વી, દર્શન અને મોહક ઉપસ્થિત હતા.

આ પ્રસંગે અનેક મહાનુભાવોએ પધારી શુભેચ્છા આપી હતી. જેમાં મા.નગરસેવક-વિરોધી પક્ષ નેતા પ્રવિણ છેડા, નગરસેવિકા રાખી જાધવ, પલ્લવી સંજય દીના પાટીલ, નગરસેવિકા બિંદુ ત્રિવેદી, જયેન્દ્ર દડિયા, નેહલ કોઠારી, દિનેશભાઈ ચાંદ્રા, પ્રવિણ ભાનુશાલી, વોઈસ ઓફ ઘાટકોપરના જતીન કોઠારી, સિંજલ કોઠારી, જિજ્ઞેશ ખિલાણી, રાજેશ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.











# દિવાળી એટલે અંધકાર ઉપર પ્રકાશનો વિજય

ચંદ્રેશ પારેખની કલમે.... ✍



કહે છે કે દિવાળી એટલે અંધકાર ઉપર પ્રકાશનો વિજય. દિવાળીના દિવસે એટલાં બધાં કોડિયાં એટલી બધી જ્યોતથી બધું ઝળાંહળાં થઈ જાય કે એ રાત અમાવાસ્યાની ગાઢ અંધકારમય રાત્રિ હોવા છતાં અંધકાર, પરાસ્ત થઈ જાય. આમ પ્રકાશનો વિજય સ્થાપિત થાય.

પણ અંધકારનો આ પરાજય તો દિવાળીના એક જ દિવસે થયો. બાકીના ત્રણસો ચોસઠ દિવસનું શું ? રાત તો રોજ પડે છે. અમાવાસ્યાની ઘેરી કાજળઘેરી રાત પણ વરસમાં બાર બાર વાર આવે છે. એક રાત અંધકારને પરાસ્ત કરવાની શેખી મારનાર માનવસર્જિત પ્રકાશને જોઈને અંધકાર હસતો નહીં હોય ?

કોઈક તત્વજ્ઞાની એવોય સવાલ કરે – પણ આ અંધકાર એટલે શું ? તર્ક શાસ્ત્રનો પહેલો જ પદાર્થપાઠ શીખનારો કોઈક ઉતાવળિયો જણ એનો તરત જ જવાબ વાળે-અંધકાર એટલે પ્રકાશનો અભાવ. પણ આ જવાબ માત્ર અધૂરો જ નહીં – સાવ અતાર્કિક પણ છે એમ તર્કશાસ્ત્રનો જ બીજો પાઠ ભણનારો માણસ તરત જ કહી શકશે. કોઈ વસ્તુની ઓળખ એની વ્યાખ્યા નક્કી કરીને અપાય અને કોઈ વ્યાખ્યા કદી નકારાત્મક હોઈ શકે નહીં. નકારાત્મક વ્યાખ્યાને તર્કશાસ્ત્ર સ્વીકૃતિ નથી આપતું. અંધકારની ઓળખ અહીં તો માત્ર નકારાત્મક વ્યાખ્યાથી જ નહીં, પ્રકાશની ઓળખ આપીને જ નક્કી કરવામાં આવે છે. આ તર્કદોષ છે. અંધકારને આ રીતે ઓળખી શકાય નહીં.

**તો પછી અંધકાર કોને કહીશું ?**

જે વાતાવરણમાં કશું જોઈ ન શકાય એને અંધકાર કહેવાય ? જે અંધકારમાં, જે વાતાવરણમાં સામાન્ય આંખ તરત જ કશું નથી જોઈ શકતી એ જ વાતાવરણમાં બિલાડી કે ઘુવડની આંખ તો તગતગી ઉઠે છે. એને બધું જ દેખાય છે. તો શું આ આંખ માટે આ અંધારું એ જ પ્રકાશ છે ? અને જે અંધકાર વડે ઘડીક કંઈ નથી દેખાતું એ અંધકાર પણ ઘડીક પછી કોઠે પડી જાય ત્યારે બધું જ સ્પષ્ટ કળાવા માંડે છે. અંધકાર વચ્ચેય આંખ તો ઉઘડી જ જાય છે. તો પછી અંધકાર ક્યાં ગયો ?

અને જેમાં આંખ કશું ન જોઈ શકે એને જ અંધકાર કહેવાતો હોય તો પ્રકાશના અતિરેકને શું કહીશું ? પ્રચંડ પ્રકાશ વચ્ચેય આંખ એનું કામ કરી શકતી નથી. કશું જોઈ શકાતું નથી. આ પ્રચંડ પ્રકાશ એનેય શું અંધકાર કહીશું ? સૂર્યના ધગધગતા ગોળા સામે ક્ષણ બે ક્ષણ જેણે નજર અપલક કરી છે એને બધું પૂર્વવત જોતાં પૂર્વે અંધકારનો સાક્ષાત્કાર થાય જ છે. અહીં અંધકાર એના રૂઢ અર્થમાં વ્યાપ્ત થયો નથી અને છતાં એ ક્ષણે અંધારું છવાઈ જાય છે. પ્રકાશ પણ આ રીતે તો અંધકારનો જ જનક થયો.

**એક પ્રસંગકથા યાદ આવે છે.**

અંધકારે એક વાર પરમાત્માને ફરિયાદ કરી : 'પ્રભુ ! પ્રકાશ મને જંપવા દેતો નથી. મારી પાછળ લાગ્યો છે. હું જ્યાં જાઉં ત્યાં આવીને મને હાંકી કાઢે છે. મને કોઈક એવું સ્થળ આપો કે જ્યાં હું શાંતિથી હંમેશાં રહી શકું.'

પ્રભુએ જોયું – અંધકારની ફરિયાદમાં વજૂદ છે. રોજ રાત પડે અવની પર અંધકાર ઊતરી આવે છે અને તરત જ થોડી વારમાં પ્રકાશનો ઉદય થાય છે. પ્રકાશ પેલા અંધકારને એ સ્થિર થાય, ન થાય એ પૂર્વે તો હાંકી કાઢે છે, હજારો, લાખો, વરસોથી આમ પ્રકાશે, અંધકારને ક્યાંય સ્થિર થવા નથી દીધો.

'વત્સ ! તારી વાત સાચી છે.' પ્રભુએ કરુણાભર્યું હસીને કહ્યું : 'જા, તું પ્રકાશને મારી પાસે લઈ આવ. હું એને જરૂર કહીશ.'

પ્રભુએ પોતાની વાત સાંભળી છે – સ્વીકારી છે એ જાણીને પ્રસન્ન થયેલા અંધકારે પ્રકાશને પકડીને પ્રભુ પાસે રજૂ કરવા હર્ષભેર દોટ મૂકી. પણ આ દોટ પ્રકાશના સામ્રાજ્યના સીમાડે પગ દેતાવેંત ખુદ અંધકારનું વિલોપન થઈ ગયું. અંધકાર ઓગળી ગયો.

હારેલા-થાકેલા અંધકારે પ્રકાશને પકડવા માટે બીજી દિશામાંથી દોટ મૂકી. બીજી દિશામાંય એના તો એ જ હાલહવાલ થયા. જેવો પ્રકાશનો પ્રદેશ આરંભાય કે અંધકારનું વિગલન થઈ જાય. સ્વયં અંધકાર પ્રકાશમય બની જાય. જેવું અંધકારનું આત્મવિલોપન થાય કે તરત જ પેલી ફરિયાદ પ્રકાશ પ્રત્યેની અસૂયા અદશ્ય થઈ જાય. પ્રકાશના પ્રદેશમાં ન કોઈ ફરિયાદ, ન કોઈ અસૂયા.

પણ અંધકારની અસૂયા ઓસરી ગઈ છે એમ માનીને પ્રકાશ બીજી દિશામાં જાય કે તરત જ અંધકાર સળવળી ઊઠે. એને ફરી વાર બધું સાંભરી આવે. પ્રકાશને પરાસ્ત કરીને એને નસાડી મૂકવા એક વાર જો એને પ્રભુ સમક્ષ લઈ જવામાં આવે તોબસ ! તો પછી અંધકારનું જ શાશ્વત રાજ્ય. પણ આ પ્રકાશને પકડવો શી રીતે ? પ્રકાશને પકડવાની અંધકારની આ દોટ હજી આજેય ચાલુ છે. પ્રકાશ પકડાતો નથી – ઊલટું પ્રકાશમાં અંધકારનું વિગલન થઈ જાય છે એટલે જ પ્રકાશ શાશ્વત છે, અંધકાર નહીં.

પણ અંધકાર ન હોત તો પ્રકાશનું મૂલ્ય પણ પરખાત શી રીતે ? અંધકારની ખુશ્બૂ કવિ માણી શકે છે. પૂનમની રાત્રે જે સૌંદર્ય મંડિત થાય છે એથી સહેજેય ઊણું નહીં એવું રૂપ અમાવાસ્યાની રાત્રેય પ્રકૃતિ ધારે છે. અમાસની રાતના રુપને ઓળખવા માટે કવિની આંખ જોઈએ, કામપીડિત પ્રેમીની નહીં.

વેદકાલીન ઋષિએ પ્રકાશના આધિપતિ તરીકે 'મિત્ર' ને સ્થાપિત કર્યો છે. આ મિત્ર આકાશમાં વિચરતો દેવ છે. મિત્ર એટલે સૂર્ય.



સૂર્ય એટલે પ્રકાશ. સૂર્યને સંબોધીને સંખ્યાબંધ સૂક્તો ઋગ્વેદમાં છે. વેદકાલીન આર્યોએ આ પરમ પ્રકાશને દેવરુપે કલ્પીને એનું સ્તવન કર્યું તો ગ્રીક સંસ્કૃતિએ પણ એનું આહવાન કર્યું છે. પ્લેટોએ સૂર્યને સદગુણ અને સદાચારના પ્રતીક તરીકે ઉચ્ચ સ્થાને મૂક્યો છે. ઈરાની પ્રજાએ પણ સૂર્યપૂજાને સ્થાન આપ્યું છે. ઋગ્વેદના ઋષિએ સૂર્યને 'હિરણ્યાક્ષ' 'હિરણ્યાસ્ત' અને 'હિરણ્યજીહ્વ:' એમ ત્રણ શબ્દોથી ઓળખાવ્યો છે. જે સોનેરી નેત્રોવાળો છે, જે સોનેરી હાથવાળો છે અને જે સોનેરી જીભવાળો છે તે સૂર્ય – તે પ્રકાશનો દેવ. અને પ્રકાશનો આ દેવ કંઈ માત્ર દિવસે જ નથી પ્રકાશતો, રાત્રિના અંધકાર વચ્ચેય પ્રકાશ તો અદશ્ય હોય જ છે એમ આ સૂક્તો માં કહેવાયું છે. પ્રકાશ કદી વિલોપાય નહીં, એ અદશ્ય હોય-ઘડીક અંધકારના કોચલા હેઠળ છવાયેલો હોય – ઘડીક આપણે જોઈ શકતા ન હોઈએ એવું બને પણ પ્રકાશ કદી લુપ્ત થઈ શકે જ નહીં.

પ્રકાશને ગળી જતો લાગતો આ અંધકાર એટલે પાપ. અને આ પાપ માનવસ્વભાવની નબળાઈનું પરિણામ છે એ સત્ય સમજીને વેદની ઋચા તરત જ પ્રકાશના દેવને વિનમ્રતાપૂર્વક કહે છે : 'હે ભગવન સૂર્યદેવ ! અમારાથી અમારી માનવસહજ નબળાઈને લીધે જે કંઈ પાપ થયાં હોય એને તારો પ્રકાશ પાથરીને દૂર કરજે (ઋગ્વેદમંડળ-૪, સૂક્ત-૫૪, મંત્ર-૩) આ જ સંદર્ભમાં ગાયત્રી મંત્રને પણ સંભારવા જેવો છે. આ મંત્ર પણ સૂર્યની જ ઉપાસના અને ઋગ્વેદની જ દેણગી છે. માણસ અંધકારથી ડર અનુભવે છે. અંધકારને દૂર કરવાં એ કોડિયાં પ્રગટાવે છે. તેલ પૂરીને જ્યોતિ જલાવે છે. અંધકારને પરાસ્ત કરવા પ્રકૃતિએ પ્રગટાવેલા સૂર્યના અવિરત પ્રયાસોમાં યથાશક્તિ ફાળો આપે છે. પણ કોડિયાનો પ્રકાશ તો એમાં પુરાયેલા તેલ અને વાટની મર્યાદાને જ આધીન છે. અંધકારને કોઈ મર્યાદા નથી. તેલ-વાટની મર્યાદાથી એને શી રીતે જીતી શકાય ? અંધકારને જીતવા માટે તો સૂર્ય જ ઊગવો જોઈએ અને આ સૂર્ય કંઈ માત્ર આકાશમાં જ નથી ઊગતો. માણસના અંતરમાંય પ્રકાશની એક જ્યોતિ રુપે એ ઊગી શકે છે. એક વાર અંતરમાં પ્રકાશની એક જ્યોતિ પ્રગટે એ પછી બહારનાં સ્થૂળ અંધારાં કશું જ અંધકારમય કરી શકે નહીં.

આપ સહુને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ, નવા વર્ષે ઉગતા સૂર્યનાં, પ્રકાશિત કિરણોથી ભરપુર, મંગલ જીવન હો, એવી પ્રભુ પાસે અભ્યર્થના !..જયશ્રીકૃષ્ણ

દેવલાલી
મુંબઈથી ત્રણ કલાક દૂર, સુકી અને શુદ્ધ હવા, હીલ સ્ટેશન, ગ્રીનરી, દરિયાથી 1700 ફુટ ઊંચાઈ

1-2-3 BHK Flat,
Row House,
Bungalows
ટેરેસ ફ્લેટ,
ગાર્ડન ફ્લેટ,
ફાર્મ ફેસીંગ ફ્લેટ..
ફ્લેટ / રોહાઉસ / બંગલો પ્લોટ લેવા તથા વેંચવા તથા સેનેટોરિયમ માટે મોકાની જગ્યાઓમાટે સંપર્ક:
ડેનીશ કેશવજી ગાલા
9768664296 / 9768515183
ઓફિસ: શાંતિનાથ દેરાસર (પ્રિન્સ ભોજનાલય)ની સામે, બાલગૃહ રોડ, લામ રોડ, દેવલાલી.

હરિઃૐ યાત્રા સંઘ
કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી, ભુવનેશ્વર કોનાર્ક સુર્ય મંદિર યાત્રા
૧૧ થી ૧૯ નવેમ્બર ૨૦૧૮ (૯ દિવસ)
Rs.12000/-
By Train Sleeper Class
સંપર્ક : 9987551840

USA-UK-VISA
Specialist Since 1995
100% Service Guarantee
Book Your Service Today
& Get FREE Gift Worth 500/-
Manish Shah
9773781982 - 9833462439
www.travalue.co.in
FREE PIANO FOLDER - PASSPORT COVER & TICKET FOLDER

SAI VISHRAM BEACH RESORT
BYNDOOR –UDUPI
ON BEACH
K3 HOSPITALITY
Eco friendly – pure Veg. No T.V., No Phone. All A/c. tent as Well as Dlx. Rooms.

* CONDITION APPLY
CALL...FOR THE BEST RATE
9619617060 / 022 -25608982 / 2564 0919

**Happy Birthday**



હર્ષ દિક્ષીત જાની
તા.૩ નવેમ્બર
શુભેચ્છક
દિક્ષીત જાની
સોનલ જાની
રોશની જાની



**પંચગાની હવા ફેર**
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4


# બ્રહ્માકુમારીઝ-ઘાટકોપર સબઝોન અને ગોદરેજ મેમોરીયલ હૉસ્પિટલ દ્વારા ફ્રી કાર્ડિયાક હેલ્થ અવેરનેસ કેમ્પ





આદરણીય રાજયોગિની નલીની દીદીજી અને ડિવાઈન સોલ રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજજીનાં માર્ગદર્શનમાં ૨૭ ઓક્ટોબર ૨૦૧૮, શનિવારે ફ્રી કાર્ડિયાક હેલ્થ અવેરનેસ કેમ્પનો આયોજન કર્યો હતો. આ કાર્યક્રમ બ્રહ્માકુમારીઝ ઘાટકોપર સબઝોન અને ગોદરેજ મેમોરીયલ હૉસ્પિટલનાં સૌજન્ય શ્રી બ્રહ્માકુમારીઝ પીસ પાર્ક, આચાર્ય અત્રે મેદાન, ઘાટકોપર-પૂર્વમાં આયોજિત કર્યો હતો.

આ કાર્યક્રમનો શુભારંભ બ્રહ્માકુમારીઝનાં ડોંબિવલી શાખાનાં સંચાલિકા શકુ દીદીજીનાં હસ્તે દીપ પ્રજ્વલન અને આશિર્વચનથી થયો. આ અવસરે ગોદરેજ મેમોરીયલ હૉસ્પિટલનાં સીઈઓ ડૉક્ટર પ્રવિણ સ્વામી પણ ઉપસ્થિત હતાં. ડૉક્ટર અમિત સંઘવી, કાર્ડિયોલોજીસ્ટ એ હૃદય રોગ સંબંધી મહત્વપૂર્ણ માહિતી આપી અને હૃદય રોગથી બચવાનાં સરળ ઉપાય બતાવ્યા. ડૉક્ટર પ્રજ્યોત જગતાપ, ઓર્થોપેડિક સર્જનએ ૫૦ દર્દીઓને તપાસ્યા. ગોદરેજ હૉસ્પિટલનાં હેડ વીણા અને ડૉ.સંધ્યાએ ઈસીજી, બીએમઆઈ, બ્લડ સુગર અને બ્લડપ્રેશરની તપાસ કરી. આ કાર્યક્રમનો લાભ ૨૦૦થી અધિક દર્દીઓએ લીધો.


Godrej interio NEW STORE now OPEN AT GHATKOPAR




HOME FURNITURE & STORAGE • MODULAR KITCHENS • MATTRESSES • OFFICE FURNITURE

Classic Enterprises : Godrej & Boyce Mfg. Co. Ltd., A - 9, Siddhapura Industrial Estate, Amrut Nagar, off. L. B. S. Marg, Behind R-City Mall, Ghatkopar (W), Mumbai - 400 086, Tel.: 2500 1802 / 1806 M: 93236 41434. Email: info@classicgodrej.com


Wish You
Happy Diwali
&
Prosperous New Year
SOLITAIRE
-: કારોબારી સમિતી :-
પ્રવિણ છેડા (પ્રમુખ)
મનિષ વોરા
રમેશ સતરા
હાર્દિક શાહ
સંજય મુછાલા
જતિન પારેખ
અમિત શાહ
મુકેશ બદાણી
સંજય વોરા
નિરવ શાહ
કમલેશ શાહ
ઈશ્વર શાહ
કલ્પેશ શાહ

# શ્રી અજાહરા પાર્શ્વનાથ દેરાસરમાં શ્રી ઘંટાકર્ણ મહાવીર હવન અનુષ્ઠાન

શ્રી અજાહરા પાર્શ્વનાથ દેરાસર, જીવદયા લેન, ઘાટકોપર(પ.) સંઘમાં સૌ પ્રથમવાર શ્રી ઘંટાકર્ણ મહાવીરના હવન અનુષ્ઠાનનું આયોજન મંગળવાર તા.૬-૧૧-૧૮ કાળી ચૌદશનાં દિવસે કરવામાં આવેલ છે. વિધિવિધાન - યુવા વિધિકાર હર્ષભાઈ દેઢિયાના સથવારે યોજાશે. અનુષ્ઠાનમાં ફક્ત ભાઈઓએ પધારવાનું છે. સફેદ અથવા લાલ વસ્ત્રો પહેરવા, હવન દરમ્યાન હવન ગોળો અર્પણ કરવાનો તથા શ્રી ઘંટાકર્ણ વીરની આરતીનો ચડાવો કરવામાં આવશે.

લાભાર્થી પરિવાર - ધનેશભાઈ બાબરીયા, કળાબેન પાતાણી, હરેશભાઈ મહેતા, હિતેશભાઈ દોશી, મહેન્દ્રભાઈ લાખાણી.

# શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજના સદસ્યોનું પારિવારીક સ્નેહમિલન રવિવાર તા.૧૮-૧૧-૨૦૧૮ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સમાજ ભવનમાં યોજાશે. આ પ્રસંગે સમાજના તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થીઓનું સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવશે. સમાજના જે વિદ્યાર્થીઓએ માર્કશીટ/પરિણામ મોકલાવ્યા ના હોય તેઓને ૦૮-૧૧-૨૦૧૮ સુધી સમાજ ભવનમાં મોકલી આપવા વિનંતી. સમાજના સર્વે સદસ્યોને સંમેલનમાં ઉપસ્થિત રહેવા વિનંતી.

# જૈન મરણ : દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન

મોરબી (ખાનપર) નિવાસી હાલ ઘાટકોપર, અ.સૌ.ગીતાબેન (ઉ.વ.૬૬)નું શનિવાર તા.૨૭-૧૦-૧૮નાં અવસાન થયેલ છે. તે દિનેશ મુલચંદ સૌભાગ્યચંદ મહેતાનાં ધર્મપત્ની, તે ભાવિક, પ્રિતમ, સોનાલી અક્ષયકુમાર શાહનાં માતુશ્રી, તે પૂર્વીના સાસુ, તે સ્વ.મગનલાલ ચત્રભુજ મહેતાનાં સુપુત્રી, તે રસિકભાઈ, સ્વ.હિંમતલાલ, ચંદ્રકાંતભાઈ, સ્વ.જસવંતીબેન, સ્વ.નિરંજનાબેન, સ્વ.લતાબેન, નંદિની બેન, મંજુલાબેન, કનકબેનનાં બેન, તે શોભનાબેન નરેન્દ્ર મહેતા, સ્વ.ઉષાબેન પ્રદિપભાઈ દેસાઈ, દક્ષાબેન હર્ષદભાઈ ભિમાણીના ભાભીની પ્રાર્થના સભા તાજેતરમાં યોજાઈ હતી. લૌકિક વ્યવહાર બંધ છે.

# ધનતેરસ પહેલા ઘરમાં લાવો આ ૬ વસ્તુઓ, વર્ષભર થશે ધન વર્ષા

વાસ્તુમાં ઘર અને દુકાન સંબંધિત અનેક મહત્વના નિયમો દર્શાવામાં આવ્યા છે. જો કે વાસ્તુ શાસ્ત્રમાં દિવાળી સમયે ધ્યાનમાં રાખવા જેવી બાબતો પણ દર્શાવવામાં આવી છે. આ વાતોનું અનુકરણ ધનતેરસ પહેલાથી શરુ કરી દેવું જોઈએ. આમ તો દિવાળી પર તમે અઢળક ખરીદી કરી હશે પરંતુ આ ૬ વસ્તુઓને ધનતેરસ પહેલા ઘરમાં નહીં લાવો તો લક્ષ્મી પૂજા પણ અધુરી રહી જશે.

૧. ધનતેરસ અથવા દિવાળી પર ઘર અથવા દુકાનના મુખ્ય દરવાજા પાસે એક પાત્રમાં વાસણ ભરી અને રાખવું. દરવાજાની ઉત્તર તરફ આ પાત્ર રાખવું અને તેમાં સુગંધિત ફુલ પણ પધરાવવા. ઘરના મુખ્ય વ્યક્તિને અનેક પ્રકારના લાભ થશે.

૨. લક્ષ્મીજીના પગલાં કંકુથી ઘરમાં કરવા, આ અત્યંત શુભ શુકન કહેવાય છે. ખાસ ધ્યાન રાખવું કે પગલાં ઘરની અંદર તરફ આવતાં હોય તેવી રીતે કરવા.

૩. દિવાળી પહેલાં જ ઘરના મુખ્ય દરવાજા પર તોરણ લગાવી દેવા. તેના માટે આસોપાલવના પાનનો ઉપયોગ કરી શકાય છે. તેનાથી ઘરમાં નકારાત્મક ઊર્જા પ્રવેશ નહીં કરે.

૪. ઘર અથવા દુકાન પર લક્ષ્મીજીની એવી પ્રતિમાની સ્થાપના કરવી જેમાં તેઓ કમળના ફુલ પર બિરાજમાન હોય. તેની નિયમિત પૂજા કરવાથી માતા લક્ષ્મી ઘરમાં સ્થાયી થાય છે.

૫. મુખ્ય દરવાજા પર કંકુ અથવા સિંદૂરથી સાથિયો અવશ્ય કરવો. તેનાથી ઘરમાં રોગ અને શોક દૂર થઈ જાય છે.

૬. ઘરના મુખ્ય દરવાજા પર શુભ અને લાભ લખવું અથવા તેના ચિન્હ લગાવવા. આ ચિન્હ ઉત્તર અથવા પૂર્વ દિશા તરફ લગાવી શકાય છે.

# #GWAMI : GREAT WOMEN'S ASSOCIATION MUMBAI INDIA



GWAMI is a family which is created around one and half years ago with a rising torch of vision by Rekha Sangani, a commendable social worker, which is a support system built around women – for women – by women, who believe in helping each other grow together.

As she truly believes that not only women needed a platform where their skills and talent must be valued and appreciated, but also to be groomed by encouraging an environment of development with strong and true ethics.

With this motive, Ghatkopar Women's Association of Mumbai India -GWAMI - is formed and began its journey with its first move on 28th April 2017.

**Objective:** To create a positively influencing support group to build a motivational networking association of women entrepreneurs and encouraging the aspiring feminine mind.

**Mission:** To provide wider exposure to associated women with their skills and engage beneficiary actions.

**Vision:** To penetrate a feeling of unity among each other to create a mutual growth for all

This wonderful real business group is the only group in Mumbai discussing business agenda in real sense and strengthening eachother giving Max business reference and support .

Every month these 20 women entrepreneurs meet on last Tuesday .

This time SMITA GALA was presiding chair of the meeting. This every month different members gets opportunity to showcase her leadership.

All GWAMINIS gave two hours valuable time from their busy professional schedules and discussed #BUSINESS #IDEAS and guided each other if needed.

At this time Ms Dipti Gandhi, MS Neelu Agrawal, Ms Kavita Shah, Ms Shraddha Chopra and Ms Kavita were present as guest and participated in the meeting.

Meet for OCTOBER month generated business worth RS 2,98,500/- within the group.

This month Diwali celebration was done with appreciation of members with their extraordinary support for GWAMI along with sweets n gifts distribution.

If you are a women entrepreneur and want to self grow, supporting others, GWAMI is the best group to join in.

**NOTE :- NEXT DATE 27-11-2018 FOR NEXT MONTH MEET.**









# જૈન જાગૃતિ સેન્ટર - નોર્થ ઈસ્ટ

| ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રી |
|---|---|---|
| રમેશ પી. મહેતા<br>જયરાજ ટી. દેવાણી | નીતિન એમ. સંઘવી | રમેશ જે. મોરબિયા<br>જયેન્દ્ર યુ. ભેદા<br>હિતેશ એ. ભેદા |

| સહમંત્રી | ખજાનચી | સહખજાનચી | કારોબારી સભ્ય |
|---|---|---|---|
| રાજેશ કે. ગોહેલ | નિશીથ એસ. શાહ | વિજય સી. શાહ | હિરેન એમ. ફોફરિયા |


આપ સર્વેને ધનતેરસ,
દિપાવલી તેમજ નવા વર્ષની
હાર્દિક શુભકામના
Manish D. Vora - 98201 44859
Rera Certificate No. A51800000870
Parag D. Vora - 98201 31207
Rera Certificate No. A51800000867
Harsh M. Vora - 99200 34963
Rera Certificate No. A51800014224
MAHAVIR
ESTATE CONSULTANTS
GHATKOPAR REAL ESTATE ASSOCIATION
THE ESTATE AGENTS ASSOCIATION OF INDIA
LIFE MEMBER
Off. No.110, 1st Floor, Shop Zone, M.G.Road,
Near Bank of India, Ghatkopar (West), Mumbai - 400 086.
Email : mahavirestateconsultants@gmail.com, www.mahavirestateconsultants.com


Registration No:
P51800010432
maharera.mahaonline.gov.in
ROYAL ORCHID
Restoring the joy of motion....
ઘાટકોપર-ઈસ્ટ
માં તમારા
સપનાનું ઘર
તમારા
બજેટમાં
1 BHK 95 LACS
2 BHK 1.25 CRORE
SHRI GANESH DEVELOPERS
Marketing By
GHATKOPAR ESTATE AGENCY
RERA NO. A51800006001
Dhiren Thakkar +91 98195 57193
Dhaval Thakkar +91 98209 57193
ALAG PROPERTY
SPACES. THAT STAND OUT
RERA NO. A51800007397
Jignesh Khilani
Dhiren Somaiya
+91 99201 59199
Site : Bldg. No. 81, Pantnagar CHSL, Near Zunjar Krida Mandal, Pantnagar, Ghatkopar-East, Mumbai-400 077.

ON BEHALF OF PLANET GROUP OF COMPANIES....



Chandresh Parekh
Chairman

HAPPY DIWALI



Vivek Parekh
Managing Director

WISHING YOU ALL

A very Happy Diwali & Prosperous New year,
May this festive occasion fill your life with new hopes, great health and success....
Have a wonderful time!!!
We also wish all of you get blessed with wisdom like Lord Ganesha and prosperity like Lord Laxmi. May almighty shower his blessings on you and may all your dreams come true in coming year.

Planet Group of Companies | WORLD GYM GHATKOPAR | Planx fitness | Planet & Vaidya's ENTERTAINMENT EVENTS & WEDDING PLANNER | WORLD GYM AHMEDABAD | WORK FOR PEOPLE GSS GHATKOPAR SOCIAL SERVICE



# સોશિયલ મીડીયા

સાથે તમારા વેપારને વધારે ફેલાવો

**સોશિયલ મીડીયા :**

* Facebook page likes
* Twitter followers
* Youtube subscribers
* Instagram followers
* Linked in followers

**પ્રિંટિંગ :**

વિઝિટિંગ કાર્ડ્સ, બ્રોશર્સ, ફ્લાયર્સ, બેનર્સ, સ્ટીકર, આઇડી, પેકેજિંગ, પેપર બેગ્સ, સ્ટેનડીઝ, બુક્સ, ફ્લેક્સ, વિનાયલ અને કેનવાસ પ્રિંટ.

**ડિઝાઇનિંગ અને ભાષા અનુવાદ :**

